शिक्षापत्रीना अर्थ.

श्री सहजानंद स्वामीने नमः॥

वामेयस्यस्थिताराधाश्रीश्चयस्यास्तिवक्षसि ॥ वृंदावनविहारंतंश्रीक्रश्नंहृदिचिंतये ॥ १ ॥

શ્રી સહજાનંદ સ્વામી જે તે પોતાના સત્સંગી પ્રત્યે શિક્ષાપત્રીને લીખતા થકા પ્રથમ પોતાના ઇષ્ટદેવ જે શ્રી કૃષ્ણ ભગવાન તેનું ધ્યાનરૂપ મંગળાચરણ કરે છે.

હું જે તે મારા હૃદયને વિશે શ્રી કૃષ્ણ ભગવાનનું ધ્યાન કરૂં છું. ॥ તે શ્રી કૃષ્ણ કેવા છે તો જેના ડાબા પડખાને વિશે રાધીકાજી રહ્યાં છે. ॥ ને જેના વક્ષસ્થળને વિશે લક્ષ્મીજી રહ્યાં છે ॥ ને વૃંદાવનને વિશે વિહારના કરનારા છે. ॥ ૧ ॥

लिखामिसहजानंदः स्वामीसर्वान्निजाश्रितान ॥ नानादेशेस्थितान्शिक्षापत्रींवृत्तालयास्थितः ॥ २ ॥

અને વડતાલ ગામને વિશે રહ્યાં એવા સહજાનંદ સ્વામી જે અમે તે અમે જે તે નાના પ્રકારના જે સર્વે દેશ તેમને વિષે રહ્યાં એવા જે અમારા આશ્રિત સર્વે સત્સંગી તે પ્રત્યે શિક્ષા પત્રિને લીખીયે છઇયે. ॥ ૨ ॥

શ્રી ધર્મ દેવ થકી છે જન્મ જેમનો એવા જે અમારા ભાઈ રામપ્રતાપજી તથા ઇચ્છારામજી તેમના પુત્ર જે અયોધ્યાપ્રસાદ નામે ને રઘુવીર નામે જેને અમે અમારા દત્ત પુત્ર કરીને સર્વ સત્સંગીના આચાર્યપણાને વિષે સ્થાપન કર્યા છે ॥ ૩ ॥

તથા અમારે આશ્રીત એવા જે મુકુંદાનંદ આદિક નૈષ્ટિક બ્રહ્મચારી તથા અમારે આશ્રીત જે મયારામભટ આદિક ગૃહસ્થ સત્સંગી ॥૪॥

તથા અમારે આશ્રીત જે સુવાસની ને વી-
ધવા એવી સર્વે બાઇયું તથા મુક્તાનંદ આ-
દીક જે સર્વે સાધુ ॥ ૫ ॥

એ સર્વે તેમણે પોતાના ધર્મની રક્ષાના કર
નારાને શાસ્ત્રને વીષે પ્રમાણ રૂપ શ્રીમન્ના-
રાયણની સ્મૃતીયે સહીત એવા જે અમારા
રૂડા આશીરવાદ તે વાંચવા. ॥ ૬ ॥

અને આ શીક્ષાપત્રી લખ્યાનું જે કારણ છે
તે સર્વ તેમણે એકાગ્ર મને કરીને ધારવુ ॥
અને આ શીક્ષાપત્રી જે અમે લખી છે તે સ-
ર્વેના જીવને હીતની કરનારી છે. ॥૭॥

અને શ્રીમદ્ ભાગવત પુરાણ આદીક જે સ-
ત શાસ્ત્ર તેમણે જીવના કલ્યાણને અર્થે પ્રતિ-
પાદનકર્યા એવા જે અહીંસા આદીક સદાચા-
ર તેમને જે મનુષ્ય પાળે છે તે મનુષ્ય જે તે
આ લોકને વિષે ને પરલોકને વિષે માહા સુખી-
આ થાય છે. ॥ ૮ ॥

અને તે સદાચારનું ઉલંઘન કરીને જે મનુ-ષ્ય પોતાના મનમાં આવે તેમ વર્તે છે તે તો કુબુદ્ધીવાળા છે ॥ ને આ લોક પરલોકને વિ-શે નિશ્ચે મોટા કષ્ટનેજ પામે છે. ॥ ૯ ॥

તે માટે અમારા શીષ્ય એવા જે તમે સર્વે તેમણે તો પ્રીતીએ કરીને આ શીક્ષાપત્રીને અનુસરીનેજ નીરંતર સાવધાન પણે વરતવું. પણ આ શીક્ષાપત્રીનું ઉલંઘન કરીને વરત-વું નહીં. ॥ ૧૦ ॥

હવે તે વર્ત્યાની રીત કહીયેં છઇયે ॥ જે અ-મારા જે સત્સંગી તેમણે કોઇ જીવ પ્રાણી માત્રની પણ હીંસા ન કરવી ॥ અને જાણીને તો ઝીણાં એવા જે જુ, માંકડ, ચાંચડ આદી-ક જીવ તેમની પણ હીંસા ક્યારે ન કરવી. ૧૧

અને દેવતાને પીત્રુ તેના યજ્ઞને અર્થે પણ બકરાં, મૃગલાં, શશલાં, માછલાં આદીક કોઇ જીવની હીંસા ન કરવી ॥ કેમ જે અહીંસા છે

તેજ મોટો ધર્મ છે એમ સર્વે શાસ્ત્રમાં કહ્યો છે.

અને સ્ત્રી, ધન ને રાજ્ય તેની પ્રાપ્તિને અર્થે પણ કોઇ મનુષ્યની હીંસા તો કોઇ પ્રકારે ક્યારેય પણ નજ કરવી. ॥ ૧૩ ॥

અને આત્મઘાત તો તીર્થને વિષે પણ ન કરવો ને ક્રોધે કરીને ન કરવો ॥ અને ક્યારેક કોઇ અજોગ્ય આચરણ થૈ જાય તે થકી મુંઝાઇને પણ આત્મઘાત ન કરવો. ॥ અને ઝેર ખાઇને તથા ગળે ફુંપો ખાઇને તથા કુવે પડીને તથા પર્વત ઉપરથી પડીને ઇત્યાદીક કોઇ રીતે આત્મઘાત ન કરવો. ॥ ૧૪ ॥

અને જે માંસ છે તેતો યજ્ઞનું શેષ હોય તોપણ આપત્કાળમાં પણ ક્યારેય ન ખાવું ॥ અને ત્રણ પ્રકારની સુરા ને અગીઆર પ્રકારનું મદ્ય તે દેવતાનું નઇવેદ્ય હોય તોપણ ન પીવું. ॥ ૧૫ ॥

અને ક્યારેક પોતા વતે કાંઇક અજોગ્ય આ

ચરણ થૈ ગયું હોય ॥ અથવા કોઇ બીજા વતે અજોગ્ય આચરણ થઇ ગયુ હોય તો શસ્ત્રાદીકે કરીને પોતાના અંગનું તથા બીજાના અંગનું છેદન ન કરવું ॥ અથવા ક્રોધે કરીને પણ પોતાના અંગનું તથા બીજાના અંગનું છેદન ન કરવું. ॥ ૧૬ ॥

અને ધર્મ કરવાને અરથે પણ અમારા સંત્સંગી કોઇને ચોરનું કર્મ ન કરવું. ॥ અને ધણીયાતું જે કાષ્ટ પુષ્પાદીક વસ્તુ તે તેના ધણીની આજ્ઞા વીના ન લેવું. ॥ ૧૭ ॥

અને અમારા આશ્રીત જે પુરૂષ તથા સ્ત્રીયું તેમણે વ્યભીચાર ન કરવો ॥ અને જુગટા આદીક જે વ્યસન તેનો ત્યાગ કરવો ॥ અને ભાંગ્ય, મફર, માજમ, ગાંજો એ આદીક જે કેફ કરનારા વસ્તુ તે ખાવા પણ નહીં ને પીવા પણ નહીં. ॥ ૧૮ ॥

અને જેના હાથનું રાંધેલું અન્ન તથા જેના

પાત્રનું જળ તે ખપતું ન હોય તેણે રાંધેલ અન્ન તથા તેના પાત્રનું જળ તે શ્રી કૃષ્ણ ભગવાનની પ્રસાદી અને ચરણામૃતના મહાત્મે કરીને પણ જગન્નાથપુરી વિના અન્ય સ્થાનકને વિષે ગ્રહણ ન કરવું ને જગન્નાથપુરીને વિષે જગન્નાથજીનો પ્રસાદ લેવાય તેનો દોષ નહીં. ૧૯

અને પોતાના સ્વાર્થની સીદ્ધીને અરથે પણ કોઇને વિષે મિથ્યા અપવાદ આરોપણ ન કરવો ॥ અને કોઇને ગાળ તો ક્યારેય ન દેવી ૨૦

અને દેવતા, તીર્થ બ્રાહ્મણ, પતીવ્રતા, સાધુ ને વેદ એમની નીંદા ક્યારેય ન કરવી ને સાંભળવી. ॥ ૨૧ ॥

અને જે દેવતાને સુરા માંસનું નૈવેદ્ય થતુ હોય અને વળી જે દેવતાની આગળ બકરાં આદીક જીવની હીંસા થતી હોય તે દેવતાનું નૈવેદ્ય ન ખાવું. ॥ ૨૨ ॥

અને માર્ગને વિષે ચાલતે શીવાલયાદીક જે

દેવ મંદીર આવે તેને જોઇને તેને નમસ્કાર કરવો અને આદર થકી તે દેવનું દર્શન કરવું.

અને પોત પોતાના વર્ણાશ્રમનો જે ધર્મ તે કોઈ સત્સંગીને ત્યાગ ન કરવો ॥ અને પરધર્મનું આચરણ ન કરવું ॥ તથા પાખંડ ધર્મનું આચરણ ન કરવું ॥ તથા કલ્પીત ધર્મનું આચરણ ન કરવું. ॥ ૨૪ ॥

અને જેના વચનને સાંભળવે કરીને શ્રી કૃષ્ણ ભગવાનનિ ભક્તીને પોતાનો ધર્મ એ બે થકી પડી જવાય તેના મુખ થકી ભગવાનની કથા વાર્તા ન સાંભળવી. ॥ ૨૫ ॥

અને જે સત્ય વચન બોલવે કરીને પોતાને દ્રોહ થાય તથા પારકો દ્રોહ થાય એવું જે સત્ય વચન તે ક્યારેય ન બોલવું ॥ અને જે કૃતઘ્ની હોય તેના સંગનો ત્યાગ કરવો ॥ અને વ્યવહાર કારજને વીષે કોઇની લાંચ ન લેવી. ॥ ૨૬ ॥

અને ચોર, પાપી, વ્યસની, પાખંડી, કામી તથા કીમીયા આદીક ક્રીયાયે કરીને જનનો ઠગનારો એ ૭ પ્રકારનાં જે મનુષ્ય તેમનો સંગ ન કરવો. ॥ ૨૭ ॥

અને જે મનુષ્ય ભક્તીનું અથવા જ્ઞાનનું આલંબન કરીને સ્ત્રી દ્રવ્ય ને રસાસ્વાદ તેને વીષે લોલુપ થકા પાપને વીષે પ્રવરતતા હોય તે મનુષ્યનો સમાગમ ન કરવો. ॥ ૨૮ ॥

અને જે શાસ્ત્રને વીષે શ્રી કૃસ્ણ ભગવાન તથા શ્રી કૃસ્ણ ભગવાનના જે વારાહાદીક અવતાર તેમનું યુક્તીએ કરીને ખંડન કર્યું હોય એવા જે શાસ્ત્ર તે ક્યારેય ન માનવા ને ન સાંભળવાં. ॥ ૨૯ ॥

અને ગાળ્યા વીનાનું જે જળ તથા દુધ તે ન પીવું ॥ અને જે જળને વીષે ઝીણા જીવ ઘણાક હોય તે જળે કરીને સ્નાનાદીક ક્રીયા ન કરવી. ॥ ૩૦ ॥

અને જે ઔષધ દારૂ તથા માંસ તેણે જુક્ત હોય તે ક્યારેય ન ખાવું. અને વળી જે વૈદના આચરણને જાણતા ન હોઇયે તે વૈદે આપ્યું જે ઔષધ તે પણ ક્યારેય ન ખાવું. ॥ ૩૧ ॥

અને લોક ને શાસ્ત્ર તેમણે મળમુત્ર કરવાને અર્થે વરજ્યાં એવાં જે સ્થાનક જે જીરણ દેવાલય તથા નદી તળાવના આરા તથા માર્ગ તથા વાવેલું ખેતર તથા વૃક્ષની છાંયા તથા ફુલવાડી બગીચા એ આદીક જે સ્થાનક તેમને વીષે કયારેય પણ મલ મુત્ર ન કરવું તથા થુકવું પણ નહીં. ॥ ૩૨ ॥

અને ચોર મારગે કરીને પેસવું નહી ને નીશરવું નહી ॥ અને જે સ્થાનક ધણીયાતું હોય તે સ્થાનકને વીષે તેના ધણીને પુછયા વીના ઉતારો ન કરવો. ॥ ૩૩ ॥

અને અમારા સત્સંગી જે પુરૂષ માત્ર તેમ

ણે બાઇ માણુસના મુખથકી જ્ઞાન વારતા ન-
સાંભળવી ॥ અને સ્ત્રીયું સાથે વીવાદ ન કર-
વો ॥ તથા રાજા સંઘાથે તથા રાજાના મા-
ણુસ સંઘાથે વીવાદ ન કરવો. ॥ ૩૪ ॥

અને ગુરનો અપમાન ન કરવો તથા જે અ
તીશે શ્રેષ્ટ મનુષ્ય હોય તથા જે લોકને વીષે
પ્રતીષ્ટીત મનુષ્ય હોય તથા જે વીધાવાન મનુ
ષ્ય હોય તથા જે શસ્ત્રધારી મનુષ્ય હોય તે
સરવેનો અપમાન ન કરવો. ॥ ૩૫ ॥

અને વીચાર્યા વીનાનું તત્કાળ કોઇ કારજ
નકરવું ॥ અને ધર્મ સંબંધી જે કારજ તે
તો તત્કાળ કરવું અને પોતે જે વીધા ભણ્યા
હોઇયે તે બીજાને ભણાવવી અને નીત્ય પ્ર-
ત્યે સાધુનો સમાગમ કરવો. ॥ ૩૬ ॥

અને ગુર દેવ ને રાજા એ ત્રણના દર્શનને
અર્થે જ્યારે જવું ત્યારે ઠાલે હાથે ન જવું ॥
અને કોઇનો વીશ્વાસઘાત ન કરવો ॥ અને

પોતાને મુખે કરીને પોતાનાં વખાણ ન કરં-
વાં અને જે વસ્ત્ર પેરે થકે પણ પોતાનું અં-
ગ દેખાય ॥ એવું જે ભુંડું વસ્ત્ર તે અમારા
સત્સંગી તેમણે ન પેરવું ॥ ૩૮ ॥

અને શ્રી કૃષ્ણ ભગવાનની જે ભક્તી તે ધ-
ર્મે રહિત એવી કોઇ પ્રકારે ન કરવી ॥ અને
અજ્ઞાની એવા જે મનુષ્ય તેમની નીંદાના ભ-
ય થકી શ્રી કૃષ્ણ ભગવાનની સેવાનો ત્યાગ
કરવોજ નહીં. ॥ ૩૯ ॥

અને ઉછ્વના દીવસને વિષે તથા નીત્ય પ્ર-
ત્યે શ્રી કૃષ્ણના મંદિરમાં આવ્યા એવા જે
સત્સંગી પુરૂષ તેમણે તે મંદિરને વિષે સ્ત્રી-
યુંનો સ્પર્શ ન કરવો ॥ તથા સ્ત્રીયું તેમણે
પુરૂષનો સ્પર્શ ન કરવો ॥ અને મંદીરમાંથી
નીસર્યા પછી પોતપોતાની રીતે વરતવું. ૪૦

અને ધર્મવંશી ગુરૂ થકી શ્રીકૃસ્ણની દીક્ષા
ને પામ્યા એવા જે બ્રાહ્મણ, ક્ષત્રિય ને વૈસ્ય

એ ત્રણ વર્ણના અમારા સત્સંગી તેમણે કંઠને વિષે તુળસીની બેવડી માળા નીત્યે ધારવી ॥ અને લલાટ હ્રદય ને બે હાથ એ ચાર ઠેકાણે ઉર્ધ્વ પુંડ્ર તીલક કરવું ॥ ૪૧ ॥

અને તે તીલક જે તે ગોપીચંદને કરીને કરવું ॥ અથવા ભગવાનની પૂજા કરતાં બાકી રહ્યું જે કેશર કુંકુમાદીકે યુક્ત એવું જે પ્રસાદી ચંદન તેણે કરીને તીલક કરવું. ૪૨

અને તે તીલકના મધ્યને વિષેજ ગોળ એવો જે ચાંદલો તે જે તે ગોપીચંદને કરીને કરવો અથવા પ્રસાદી ચંદને કરીને કરવો અથવા રાધીકાજીને લક્ષ્મીજી એમનું પ્રસાદી એવું જે કુંકુમ તેણે કરીને તે ચાંદલો કરવો.॥૪૩॥

અને પોતાના ધર્મને વિશે રહ્યા ને શ્રી કૃષ્ણના ભક્ત એવા જે સતસુદ્ર તેમણે તો તુલસીની માળા ને ઉર્ધ્વ પુંડ્ર તીલક બ્રાહ્મણ, ક્ષત્રીય ને વૈસ્યની પેઠે ધારવા. ॥ ૪૪ ॥

અને તે સતસુદ્ર થકી બીજા જે જાતીએ ક-
રીને ઉતરતા એવા ભક્તજન તેમણે તો ચં-
દનાદીક કાષ્ટકની જે બેવડી માળા તે ભગવાન-
ની પ્રસાદી કરાવીને કંઠને વિશે ધારવી ॥ અને
લલાટને વિષે કેવળ ચાંદલો કરવો પણ તી-
લક ન કરવું. ॥ ૪૫ ॥

અને જે બ્રાહ્મણાદીકને ત્રીપુંદ્ર જે આડું તી-
લક કરવું ॥ તથા રૂદ્રાક્ષની માળા ધારવી ॥
એ બે વાનાં પોતાની કુળ પરંપરાએ કરીને
ચાલ્યાં આવ્યાં હોય ॥ ને તે બ્રાંહ્મણાદીક અ
મારા આશ્રીત થયા હોય તોપણ તેમણે તે
ત્રીપુંદ્ર રૂદ્રાક્ષનો કયારેય પણ ત્યાગ ન કરવો.

અને નારાયણ ને શીવજી એ બેનું એકા-
ત્મપણુંજ જાણવું ॥ કેમજે વેદને વિષે એ
બેનું બ્રહ્મરૂપે કરીને પ્રતીપાદન કર્યું છે. ૪૭

અને અમારા આશ્રીત જે મનુસ્ય તેમણે
શાસ્ત્રે કહયો જે આપદ્ધર્મ તે અલ્પકાળને

વિષે મુખ્યપણે કરીને ક્યારેય ગ્રહણ ન કરવો

અને અમારા સત્સંગી તેમણે નીત્યે સૂર્ય ઉગ્યાથી પ્રથમ જાગવું ને શ્રી કૃષ્ણ ભગવાનનું સ્મરણ કરીને પછી શૌચ વીધી કરવા જવું. ॥ ૪૯ ॥

અને પછી એક સ્થાનકને વિષે બેસીને દાતણ કરવું ॥ અને પવીત્ર જળે કરીને સ્નાન કરીને પછી ધોયેલું વસ્ત્ર એક પેરવું ને એક ઓઢવું. ॥ ૫૦ ॥

અને તેવાર પછી પવીત્ર પૃથ્વીને વિષે પાથરયું ને શુદ્ધ ને કોઇ બીજા આસનને અડ્યું ન હોય ને જે ઉપર સારી પેઠે બેસાય એવું જે આસન તેને વીષે પૂર્વ મુખે અથવા ઉત્તર મુખે બેસીને આચમન કરવું. ॥ ૫૧ ॥

અને પછી સત્સંગી પુરૂષ માત્રને ચાંદલે સહીત ઉર્ધ્વ પુંડ્ર તીલક કરવું ॥ અને સુવાસની જે સ્ત્રીઓ તેમણે તો પોતાના ભાલને

વિષે કુંકુમનો ચાંદલો કરવો. ॥ ૫૨ ॥

અને વીધવા સ્ત્રી માત્રને તો પોતાના ભાલને વિષે તીલક ન કરવું ને ચાંદલો પણ ન કરવો ॥ અને તે પછી સર્વે જે અમારા સત્સંગી તેમણે મને કરીને કલ્પ્યાં જે ચંદન પુષ્પાદીક ઉપચાર તેમણે કરીને શ્રી કૃષ્ણ ભગવાનની માનસી પુજા કરવી. ॥ ૫૩ ॥

અને પછી શ્રી કૃષ્ણભગવાનની જે ચીત્ર પ્રતિમાં તેનું આદરથકી દર્શન કરી નમસ્કાર કરીને પછી પોતાના સામર્થ પ્રમાણે શ્રી કૃષ્ણનો જે અષ્ટાક્ષર મંત્ર તેનો જપ કરીને તે પછી પોતાનું વ્યવહારીક કામકાજ કરવું. ॥ ૫૪ ॥

અને જે તો અમારા સત્સંગીમાં અંબરીષ રાજાની પેઠે આત્મનીવેદી એવા ઉત્તમ ભક્ત હોય તેમણે પણ પ્રથમ કહ્યું તેવી રીતે અનુક્રમે કરીને માનશી પુજા પરજંત સર્વ ક્રીયા કરવી. ॥ ૫૫ ॥

અને તે જે આત્મનીવેદી ભક્ત તેમણે પા-
પાણની અથવા ધાતુની જે શ્રી કૃષ્ણ ભગવા-
નની પ્રતીમાં અથવા શાલગ્રાંમ તેની જે પુજા
તે દેશકાળને અનુસરીને પોતાના સામર્થ પ્ર-
માણે પ્રાપ્ત થયાં જે ચંદન પુષ્પ ફળાદીક વ-
સ્તુ તેણે કરીને કરવી ॥ અને પછી શ્રી કૃષ્ણ
ભગવાનનો જે અષ્ટાક્ષર મંત્ર તેનો જપ ક-
રવો. ॥ ૫૬ ॥

અને પછી શ્રી કૃષ્ણ ભગવાનના જે સ્તોત્ર
અથવા ગ્રંથ તેનો જે પાઠ તે પોતાના સામર્થ
પ્રમાણે કરવો ॥ અને જે સંસ્કૃત ભણ્યા ન
હોય તેમણે શ્રી કૃષ્ણ ભગવાનનું નામ કી-
ર્તન કરવું. ॥ ૫૭ ॥

અને તે પછી શ્રી કૃષ્ણ ભગવાનને નૈવેદ્ય કરીને
પછી તે પ્રસાદી એવું જે અન્ન તે જમવું ॥
અને તે આત્મનીવેદી વૈષ્ણવ તેમણે સર્વ
કાળને વીષે પ્રીતીએ કરીને શ્રી કૃષ્ણ ભગવા-

નની શેવા પરાયણ થાવું. ॥ ૫૮ ॥

અને નીર્ગુણ કેતાં માયાના જે સત્વાદીક ત્રણ ગુણ તેણે રહીત એવા જે શ્રી કૃસ્ણ ભગવાન તેના સંબંધ થકી તે આત્મનીવેદી ભક્તની જે સર્વે ક્રીયા તે નીરગુણ થાય છે તે હેતુ માટે તે આત્મનીવેદી ભક્ત જે તે નીરગુણ કહ્યા છે. ॥ ૫૯ ॥

અને એ જે આત્મનીવેદી ભક્ત તેમણે શ્રી કૃસ્ણ ભગવાનને અર્પણ કર્યા વીનાનું જળ પણ કયારેય ન પીવું ॥ અને પત્ર કંદ ફળાદીક વસ્તુ તે પણ શ્રી કૃસ્ણ ભગવાનને અર્પણ કર્યા વીનાનું નજ ખાવું. ॥ ॥ ૬૦ ॥

અને વળી સર્વે જે અમારા સત્સંગી તેમણે વૃદ્ધપણા થકી અથવા કોઈ મોટા આપત્કાળે કરીને અસમર્થપણું થઇ ગયે સતે પોતાને શેવ્યાનું જે શ્રી કૃસ્ણનું સ્વરૂપ તે બીજા ભક્તને આપીને પોતે પોતાના સામર્થ્ય પ્ર

માણે વરતવું. ॥ ૬૧ ॥

અને જે શ્રી કૃસ્ણનું સ્વરૂપ પોતાને સેવવાને અર્થે ધર્મ વંશના જે આચાર્ય તેમણેજ આપ્યું હોય ॥ અથવા તે આચાર્યે જે સ્વરૂપની પ્રતીષ્ટા કરી હોય તે સ્વરૂપનેજ શેવવું અને તે વીના બીજું જે શ્રી કૃષ્ણનું સ્વરૂપ તે તો નમસ્કાર કરવા જોગ્ય છે પણ શેવવા જોગ્ય નથી. ॥ ૬૨ ॥

અને અમારા જે સર્વે સત્સંગી તેમણે નીત્ય પ્રત્યે સાયંકાળે ભગવાનના મંદીર પ્રત્યે જાવું અને તે મંદીરને વિષે શ્રી રાધીકાજીના પતી એવા જે શ્રી કૃષ્ણ ભગવાન તેના નામનું ઉંચેસ્વરે કીર્તન કરવું. ॥ ૬૩ ॥

અને તે શ્રી કૃષ્ણની જે કથા વારતા તે પરમ આદર થકી કરવી ને સાંભળવી ॥ અને ઉછ્વને દીવસે વાજીંત્રે સહીત શ્રી કૃષ્ણના કીર્તન કરવાં. ॥ ૬૪ ॥

અને અમારા આશ્રીત જે સર્વે સત્સંગી તે મણે જે પ્રકારે પૂર્વ કહ્યું એ પ્રકારેજ નિત્ય પ્રત્યે કરવું ॥ અને સંસ્કૃત ને પ્રાકૃત એવા જે સત ગ્રંથ તેમનો અભ્યાસ પણ પોતાની બુદ્ધીને અનુસારે કરવો ॥ ૬૫ ॥

અને જે મનુષ્ય જેવા ગુણે કરીને જુક્ત હોય તે મનુષ્યને તેવા કારજને વિષે વીચારી નેજ પ્રેરવું પણ જે કારજને વિષે જે યોગ્ય ન હોય તે કારજને વિષે તેને કયારેય ન પ્રેરવું.

અને પોતાના જે સેવક હોય તે સર્વની પોતાના સામર્થ પ્રમાણે અન્ન વસ્ત્રાદીકે કરીને જથાજોગ્ય સંભાવનાં નીરંતર રાખવી. ॥ ૬૭ ॥

અને જે પુરૂષ જેવા ગુણવાળો હોય તે પુરૂષને તેવા વચને કરી દેશકાળાનુસારે જથાજોગ્ય બોલાવવો પણ એથી બીજી રીતે ન બોલાવવો. ॥ ૬૮ ॥

અને વીનયે કરીને જુકત એવા જે અમારા આશ્રીત સત્સંગી તેમણે ગુરૂ, રાજા, અતી વૃદ્ધ, ત્યાગી, વીદ્વાન ને તપસ્વી એ ૭ જણા આવે ત્યારે સન્મુખ ઉઠવું તથા આસન આપવું તથા મધુર વચને બોલાવવું ઇત્યાદીક ક્રીયાએ કરીને એમનું સનમાન કરવું. ॥ ૬૯ ॥

અને ગુરૂ, દેવ ને રાજા એમને સમીપે તથા સભાને વીષે પગ ઉપર પગ ચહડાવીને ન બેસવુ ॥ તથા વસ્ત્રે કરીને ઢીંચણને બાંધીને બેસવું. ॥ ૭૦ ॥

અને અમારા આશ્રીત જે સર્વે સત્સંગી તેમણે પોતાના આચાર્ય સંઘાથે ક્યારેય વીવાદ ન કરવો ॥ અને પોતાના સામર્થ પ્રમાણે અન્ન, ધન, વસ્ત્રાદીકે કરીને તે પોતાના આચાર્યને પુજવા. ॥ ૭૧ ॥

અને હમારા જે આશ્રીત જન તેમણે પો-

તાના આચાર્યને આવતા સાંભળીને આદરથ- કી તત્કાળ સન્મુખ જવું ॥ અને તે આચાર્ય પોતાના ગામથી પાછા પધારે ત્યારે ગામની ભાગોળ સુધી વળાવવા જવું. ॥ ૭૨ ॥

અને ઘણુંક છે ફળ જેને વીષે એવું પણ જે કર્મ તે જે તે જો ધર્મે રહીત હોય તો તેનું આચરણ નજ કરવુ ॥ કેમજે ધર્મ છે તેજ સર્વ પુરૂષાર્થનો આપનારો છે માટે કોઇક ફળના લોભે કરીને ધર્મનો ત્યાગ ન કરવો ॥ ૭૩ ॥

અને પૂર્વે થયા જે મોટા પુરૂષ તેમણે પણ જો કયારેક અધર્માચરણ કર્યું હોય તો તેનું ગ્રહણ ન કરવું ॥ અને તેમણે જે ધર્માચરણ કર્યું હોય તેનું તો ગ્રહણ કરવું. ॥ ૭૪ ॥

અને કોઇની પણ જે ગુહ્ય વાર્તા તેતો કોઇ ઠેકાણે પણ પ્રકાશ કરવીજ નહીં ॥ અને જે જીવનું જેવી રીતે સન્માન કરવું ઘટતું હોય

તેનું તેવી રીતે સનમાન કરવું પણ સમદ્રષ્ટી એ કરીને એ મરજાદાનું ઉલંઘન કરવું નહી

અને અમારા જે સર્વે સત્સંગી તેમણે ચાતુર્માસને વિષે વિશેષ નીયમ ધારવો ને જે મનુષ્ય અસમર્થ હોય તેમણે તો એક શ્રાવણ માસને વીષે વિશેષ નીયમ ધારવો. ॥ ૭૬ ॥

અને તે વિશેષ નીયમ તે કીયા તો ભગવાનની કથાનુ શ્રવણ કરવું ॥ તથા કથા વાંચવી ॥ તથા ભગવાનના ગુણનું કીર્તન કરવું ॥ તથા પંચામૃત્ય સ્નાને કરીને ભગવાનની મહા પુજા કરવી ॥ તથા ભગવાનના મંત્રનો જપ કરવો ॥ તથા સ્તોત્રનો પાઠ કરવો ॥ તથા ભગવાનને પ્રદક્ષીણાઓ કરવી ॥ ૭૭ ॥

તથા ભગવાનને સાષ્ટાંગ નમસ્કાર કરવો ॥ એ જે આઠ પ્રકારના નીયમ તે અમે ઉત્તમ માન્યા છે તે માટે એ નીયમમાંથી કોઇક એક નીયમ જે તે ચોમાસાને વિષે વિશેષ પણે

ભક્તીએ કરીને ધારવો. ॥ ૭૮ ॥

અને સર્વે જે એકાદશીયું તેમનું વ્રત જે તે આદરથકી કરવું ॥ તથા શ્રી કૃષ્ણ ભગવાનના જે જન્માષ્ટમી આદીક જન્મ દીવસ તેમનું વ્રત જે તે આદરથકી કરવું ॥ તથા શીવરાત્રીનું વ્રત જે તે આદરથકી કરવું ॥ અને તે વ્રતના દીવસને વિષે મોટા ઉછ્વ કરવા ॥ ૭૯ ॥

અને જે દીવસે વૃતનો ઉપવાસ કર્યો હોય તે દીવસે અતીશે જતને કરીને દીવસની નીંદ્રાનો ત્યાગ કરવો ॥ કેમજે જેમ મૈથુને કરીને મનુષ્યના ઉપવાસનો નાશ થાય છે તેમજ દીવસની નીંદ્રાયે કરીને મનુષના ઉપવાસનો નાશ થઇ જાય છે ॥ ૮૦ ॥

અને સર્વ વૈષ્ણવના રાજા એવા જે શ્રી વલ્લભાચાર્ય તેમના પુત્ર જે શ્રી વીઠ્ઠલનાથજી ને જે તે વ્રતને ઉછ્વના નીર્ણયને કર્તા હતા. ૮૨

અને તે વીઠ્ઠલનાથજીએ કર્યો જે નીર્ણય તેને

જ અનુસરીને સર્વે વ્રતને ઉજ્વ કરવા ॥ અને તે વીઠુલનાથજીએ કહી જે શ્રી કૃષ્ણની સેવા રીતી તેનું ગ્રહણ કરવું. ॥ ૮૨ ॥

અને સર્વે જે અમારા આશ્રીત તેમણે દ્વારીકા આદીક જે તીર્થ તેની જાત્રા જે તે પોતાના સામર્થ પ્રમાણે જથાવીધીએ કરીને કરવી ॥ અને વળી પોતાના સામર્થ પ્રમાણે દીન જનને વીષે દયાવાન થવું. ॥ ૮૩ ॥

અને અમારા જે આશ્રિત તેમણે વીષ્ણુ, શીવ, ગણપતી, પાર્વતી ને સુર્ય એ પાંચ દેવ જે તે પુજ્યપણે કરીને માનવા ॥ ૮૪ ॥

અને જો ક્યારેક ભુત પ્રેતાદીકનો ઉપદ્રવ થાય ત્યારે તો નારાયણ કવચનો જપ કરવો ॥ અથવા હનુમાનના મંત્રનો જપ કરવો પણ એ વીના બીજા કોઇ ક્ષુદ્ર દેવના સ્તોત્ર મંત્રનો જપ ન કરવો. ॥ ૮૫ ॥

અને સૂર્યનું ને ચંદ્રમાનું ગ્રહણ થએ સતે

અમારા જે સર્વે સત્સંગી તેમણે બીજી સર્વે ક્રીયાનો તત્કાળ ત્યાગ કરીને પવીત્ર થઇને શ્રીકૃષ્ણ ભગવાનના મંત્રનો જપ કરવો. ૮૬

અને તે ગ્રહણ મુકાઇ રહ્યા પછી વસ્ત્રે સહીત સ્નાન કરીને જે અમારા ગ્રહસ્થ સત્સંગી હોય તેમણે પોતાના સામર્થ પ્રમાણે દાન કરવું ॥ ને જે ત્યાગી હોય તેમણે ભગવાનની પૂજા કરવી. ॥ ૮૭ ॥

અને અમારા સત્સંગી એવા જે ચારે વર્ણના મનુસ્ય તેમણે જન્મનું સૂતક તથા મરણનું સુતક તે પોતપોતાના સંબંધને અનુસારે કરીને યથા શાસ્ત્ર પાળવું. ॥ ૮૮ ॥

અને જે બ્રાહ્મણ વર્ણ હોય તેમણે શમ, દમ, ક્ષમા ને સંતોષ એ આદીક જે ગુણ તેમણે જુક્ત થવું અને જે ક્ષત્રી વર્ણ હોય તેમણે શુરવીરપણું ને ધીરજ એ આદીક જે ગુણ તેમણે જુક્ત થવુ. ॥ ૮૯ ॥

અને વૈસ્ય વર્ણ હોય તેમણે કૃષીકર્મ તથા વણુજ વેપાર તથા વ્યાજવટો એ આદીક જે વૃતીયુ તેમણે કરીને વરતવું ॥ અને જે શુદ્ર વર્ણ હોય તેમણે બ્રાહ્મણાદીક ત્રણ વર્ણ ની સેવા કરવી ॥ એ આદીક જે વૃતીયું તે-મણે કરીને વરતવું. ॥ ૯૦ ॥

અને જે દ્વીજ હોય તેમણે ગર્ભાધાનાદીક સંસ્કાર તથા આન્હીક તથા શ્રાદ્ધ એ ત્રણ જે તે પોતપોતાના ગૃહ સૂત્રને અનુસારે કરી ને જેવો જેનો અવસર હોય ને જેવી ધન સંપતી હોય તે પ્રમાણે કરવાં. ॥ ૯૧ ॥

અને ક્યારેક જાણે અથવા અજાણે જે નાનું મોટું પાપ થઇ જાય તો પોતાની શકતી પ્ર-માણે તે પાપનું પ્રાયશ્ચીત કરવું. ॥ ૯૨ ॥

અને ચાર વેદ તથા વ્યાસસૂત્ર તથા શ્રીમ-દ્ભાગવત નામે પુરાણ તથા માહાભારતને વિષે શ્રી વીશનું સહસ્ત્ર નામ. ॥ ૯૩ ॥

તથા શ્રી ભગવદ્‌ગીતા તથા વીદુરજીની ક-
હેલી જે નીતી ॥ તથા સ્કંદપુરાણનો જે
વીશ્નુખંડ તેને વિષે રહ્યું એવું જે શ્રી વાસુ-
દેવ માહાત્મ. ॥ ૯૪ ॥

અને ધર્મ શાસ્ત્રના મધ્યમાં રહી એવી જે
યાજ્ઞાવલ્કય રૂષીની સ્મૃતી એ જે આઠ સત
શાસ્ત્ર તે અમને ઇષ્ટ છે. ॥ ૯૫ ॥

અને પોતાના હીતને ઇછતા એવા જે અ-
મારા સર્વે શીસ્ય તેમણે એ આઠ સતશાસ્ત્ર
જે તે સાંભળવાં ॥ અને અમારા આશ્રીત જે
દ્વીજ તેમણે એ સતશાસ્ત્ર જે તે ભણવાં ત-
થા ભણાવવા તથા એમની કથા કરવી. ૯૬

અને આઠ સત શાસ્ત્રમાંથી આચાર, બ્યવ
હાર ને પ્રાયશ્રીત એ ત્રણનો જે નીર્ણય કર-
વો તેને વીષે તો મીતાક્ષરા ટીકાએ જુકત એ
વી જે યાજ્ઞવલ્કય રૂષીની સ્મૃતી તેનુંજ ગ્ર-
હણ કરવું. ॥ ૯૭ ॥

અને વળી એ આઠ સત શાસ્ત્રને વીષે જે શ્રીમદ્‌ભાગવત પુરાણ તેના દશમ ને પંચમ નામે જે બે સ્કંધ તે જે તે શ્રી કૃષ્ણ ભગવાનના માહાત્મ જાણવાને અર્થે સર્વથી અધીક પણે જાણવા. ॥ ૯૮ ॥

અને દસમસ્કંધ તથા પંચમસ્કંધ તથા યાજ્ઞવલ્કય સ્મૃતી એ જે ત્રણ તે અનુક્રમે કરીને અમારૂં ભક્તીશાસ્ત્ર, યોગશાસ્ત્ર ને ધર્મ શાસ્ત્ર છે કેહેતા દસમસ્કંધ તે ભક્તીશાસ્ત્ર છે ને પંચમસ્કંધ તે યોગશાસ્ત્ર છે ને યાજ્ઞવલ્કય સ્મૃતી તે ધર્મ શાસ્ત્ર છે એમ જાણવું. ॥૯૯॥

અને શ્રી રામાનુજાચાર્યે કર્યું એવું જે વ્યાસસૂત્રનું શ્રી ભાષ્ય તથા શ્રી ભગવદગીતાનુ ભાષ્ય એ જે બે તે અમારૂં અધ્યાત્મશાસ્ત્ર છે એમ જાણવું. ॥ ૧૦૦ ॥

અને એ સર્વે સત શાસ્ત્રને વિષે જે વચન જે તે શ્રી કૃસ્ણ ભગવાનનું સ્વરૂપ તથા ધર્મ

તથા ભક્તી તથા વૈરાગ્ય એ ચારના અતી ઉત્કર્ષપણાને કેહેતા હોય. ॥ ૧૦૧ ॥

તે વચન જે તે બીજા વચન કરતાં પ્રધાન પણે માનવાં ॥ અને તે શ્રી કૃષ્ણ ભગવાનની ભક્તી જે તે ધર્મે સહીતજ કરવી એવી રીતે સર્વે સત શાસ્ત્રનું રહસ્ય છે. ॥ ૧૦૨ ॥

અને શ્રુતીને સ્મૃતી તેમણે પ્રતીપાદન કર્યો એવો જે સદાચાર તે ધર્મ જાણવો ॥ અને શ્રી ક્રશ્ણ ભગવાનને વિષે મહાત્મ જ્ઞાને સહીત ઘણો સ્નેહ તે ભક્તિ જાણવી. ॥૧૦૩॥

અને શ્રી કૃષ્ણ ભગવાન વીના અન્ય પદાર્થમાં પ્રીતી નહીં તે વૈરાગ્ય જાણવો ॥ અને જીવ માયાને ઇશ્વર તેમના સ્વરૂપને રૂડી રીતે જાણવું તેને જ્ઞાન કહીયે ॥ ૧૦૪ ॥

અને જે જીવ છે તે હૃદયને વિષે રહયો છે ને આણુ સરખો સુક્ષ્મ છે ને ચૈતન્યરૂપ છે ને જાણનારો છે ને પોતાની જ્ઞાન સક્તિયે કરી-

ને નખથી શીખા પરયંત સમગ્ર પોતાના દે-
હ પ્રત્યે વ્યાપીને રહયો છે ॥ અછેદ્ય, અભે-
દ્ય અજર, અમર ઇત્યાદીક છે લક્ષણ જેનાં
એવો જીવ છે એમ જાણવો. ॥ ૧૦૫ ॥

અને જે માયા છે તે ત્રિગુણાત્મક છે ને
અંધકારરૂપ છે ને શ્રી કૃષ્ણ ભગવાનની શ-
ક્તિ છે ॥ ને આ જીવ ને દેહ તથા દેહનાં
જે સંબંધી તેમને વિષે અહંમમત્વની કરાવના
રી છે એમ માયાને જાણવી. ॥ ૧૦૬ ॥

અને જે ઇશ્વર છે તે જેમ હ્રદયને વિષે જી-
વ રહયો છે તેમ જીવને વિષે અંતર્યામીપણે
કરીને રહ્યા છે ॥ ને સ્વતંત્ર છે ને સર્વ જીવ-
ને કર્મફળના આપનારા છે એમ ઇશ્વરને જા-
ણવા. ॥ ૧૦૭ ॥

અને તે ઇશ્વર તે કીયા તો પરબ્રહ્મ પુરૂ-
ષોત્તમ એવા શ્રી કૃષ્ણ ભગવાન તે ઇશ્વર છે॥
અને તે શ્રી કૃષ્ણ જે તે આપણા ઇષ્ટદેવ છે

ને ઉપાસના કરવા જોગ છે ને સર્વે અવતાર ના કારણ છે ॥ ૧૦૮ ॥

અને સમર્થ એવા જે તે શ્રીકૃષ્ણ તે જે તે રાધાજીયે જુક્ત હોય ત્યારે રાધાકૃસ્ણ એવે નામે જાણુવા ॥ અને રૂકમણીરૂપ જે લક્ષ્મી-તેણે જુક્ત હોય ત્યારે લક્ષ્મી નારાયણ એવે નામે જાણવાં. ॥ ૧૦૯ ॥

અને એ શ્રી ક્રષ્ણ જે તે અરજુને જુક્ત હોય ત્યારે નરનાયણ એવે નામે જાણવા ॥ અને વળી તે શ્રી કૃષ્ણ જે તે બળભદ્રાદીકના જોગે કરીને તે તે નામે કેહેવાય છે એમ જા-ણવું. ॥ ૧૧૦ ॥

અને એ જે રાધાદીક ભતક તે જે તે કયારે ક તો તે શ્રી ક્રષ્ણ ભગવાનને પડખે હોય છે અને કયારેકતો અતી સ્નેહે કરીને શ્રી કૃષ્ણ ભગવાનના અંગને વિષે રહે છે ત્યારે તો તે શ્રી કૃસ્ણ ભગવાન એકલાજ હોય એમ જા-

ણુવા. ॥ ૧૧૧ ॥

એ હેતુ માટે એ શ્રી કૃસ્ણ ભગવાનનાં જે સ્વરૂપ તેમને વિષે સર્વ પ્રકારે કરીને ભેદ ન જાણવો ॥ અને ચતુર્ભુજપણું, અષ્ટભુજપણું સહસ્રભુજપણું ઇત્યાદીક જે ભેદ જણાય છે તે તો દ્વીભુજ એવા જે તે શ્રી ક્રસ્ણ તેની ઇચ્છાએ કરીને છે એમ જાણવું. ॥ ૧૧૨ ॥

અને એવા જે તે શ્રી ક્રસ્ણ ભગવાન તેની જે ભક્તી તે જે તે પૃથ્વીને વિષે સર્વ મનુષ્ય તેમણે કરવી ॥ અને તે ભક્તી થકી બીજું એવું કલ્યાણકારી સાધન કાંઇ નથી એમ જાણવું. ॥ ૧૧૩ ॥

અને વીદ્યાદીક ગુણવાળા જે પુરૂષ તેમના ગુણવાન પણાનું એજ પરમફળ જાણવું ॥ કીયું તો જે શ્રી ક્રસ્ણ ભગવાનને વિષે ભક્તી કરવી ને સતસંગ કરવો ॥ અને એ ભક્તી ને સતસંગ એ બે વીના તો વીદ્વાન હોય તો પણ

અધોગતીને પામે છે. ॥ ૧૧૪ ॥

અને શ્રી ક્રસ્ણ ભગવાન તથા શ્રી ક્રસ્ણ ભગવાનના જે અવતાર તે જે ધ્યાન કરવા જોગ્ય છે તથા શ્રી ક્રષ્ણ ભગવાનની જે પ્રતીમા તે પણ ધ્યાન કરવા જોગ્ય છે માટે એમનું ધ્યાન કરવું ॥ અને મનુષ્ય ને દેવાદીક જે જીવતે તો શ્રી ક્રસ્ણ ભગવાનના ભક્ત હોય ને બ્રહ્મવેતા હોય તોપણ ધ્યાન કરવા જોગ્ય નથી માટે એમનું ધ્યાન ન કરવું. ॥ ૧૧૫ ॥

અને સ્થુળ, સુક્ષ્મ, ને કારણ એ જે ત્રણ દેહ તે થકી વીલક્ષણ એવો જે પોતાનો જીવાત્મા તેને બ્રહ્મરૂપની ભાવનાએ કરીને પછી તે બ્રહ્મરૂપે કરીને શ્રી ક્રસ્ણ ભગવાનની ભક્તી જે તે સર્વકાળને વિષે કરવી. ॥ ૧૧૬ ॥

અને શ્રીમદ્ભાગવત પુરાણનો જે દસમસ્કંધ તે જે તે નીત્ય પ્રત્યે આદરથકી સાંભળવો

અથવા વર્ષો વર્ષ એકવાર સાંભળવો અને જે પંડીત હોય તેમણે નીત્ય પ્રત્યે વાંચવો અથવા વર્ષોવર્ષ એકવાર વાંચવો. ॥ ૧૧૭ ॥

અને એ જે દસમસ્કંધ તેનું પુરશ્ચરણ જે તે પુણ્ય સ્થાનકને વિષે પોતાના સામર્થ પ્રમાણે કરાવવું ॥ અને વળી વીષ્ણુ સહસ્ત્ર નામ આદીક જે સત શાસ્ત્ર તેનું પુરશ્ચરણ પણ પોતાના સામર્થ પ્રમાણે કરવું કરાવવું ॥ તે પુરશ્ચરણ કેવું છે તો પોતાના મનવાંછીત ફળને આપે એવું છે ॥ ૧૧૮ ॥

અને કષ્ટની દેનારી એવી કોઇ દેવ સંબંધી આપદા આવી પડે ॥ તથા મનુષ્ય સંબંધી આપદા આવી પડે ॥ તથા રોગાદીક આપદા આવી પડે ॥ તેને વિષે જેમ પોતે પોતાની ને બીજાની રક્ષા થાય તેમ વરતવું પણ બીજી રીતે ન વરતવું. ॥ ૧૧૯ ॥

અને આચાર, વ્યવહાર ને પ્રાયશ્ચીત એ જે

ત્રણ વાના તે જે તે દેશ, કાળ, અવસ્થા, દ્રવ્ય, જાતી ને સામર્થ્ય એટલાને અનુસારે કરીને જાણવા. ॥ ૧૨૦ ॥

અને અમારૂં જે મત તે વશીષ્ટાદ્વૈત છે એમ જાણવું અને અમને પ્રીય એવું જે ધામ તે ગોલોક છે એમ જાણવું અને તે ધામને વિષે બ્રહ્મરૂપે કરીને શ્રી કૃષ્ણ ભગવાનની સેવા કરવી તે અમે મુક્તી માની છે એમ જાણવું. ॥ ૧૨૧ ॥

અને આ જે પૂર્વે સર્વે ધર્મ કહ્યા તે જે અમારા આશ્રીત જે ત્યાગી ગૃહસ્થ, બાઈ ભાઇ સર્વે સતસંગી તેમનાં સામાન્ય ધર્મ કહ્યા છે ॥ કેતાં સર્વ સતસંગી માત્રને સરખા પાળવાના છે ॥ અને હવે એ સર્વના જે વિશેષ ધર્મ છે તે પ્રથકપ્રથકપણે કરીને કહીયે છીયે ॥ ૧૨૨ ॥

હવે પ્રથમ ધર્મવંશી જે આચાર્ય ને તેમની

પત્નીયું તેમના જે વિશેષ ધર્મતે કહીયે છૈયે ॥ અમારા મોટા ભાઇ ને નાના ભાઇ તેમના પુત્ર જે અયોધ્યાપ્રસાદ અને રઘુવીર તેમણે પોતાના સમીપ સંબંધ વીનાની જે બીજી સ્ત્રી તેમને મંત્ર ઉપદેશ ક્યારેય ન કરવો. ॥ ૧૨૩ ॥

અને તે સ્ત્રીને કયારેય પણ અડવું નહીં ને તે સાથે બોલવું નહીં ॥ અને કોઇ જીવને વિષે કુરપણું ન કરવું ॥ અને કોઇની થાપણ ન રાખવી. ॥ ૧૨૪ ॥

અને વ્યવહાર કારજને વિષે કેનું પણ જ-માનગરૂ ન કરવું ॥ અને કોઇ આપત્કાળ આવી પડે તો ભીક્ષા માંગીને પોતાનો ની-ર્વાહ કરીને તે આપત્કાળને ઓળંગવો પણ કોઇનું કરજતો કયારેય ન કરવું. ॥૧૨૫ ॥

અને પોતાના જે શીષ્ય તેમણે ધર્મનીમીત પોતાને આપ્યું જે અન્ન તે વેચવું નહીં, ને

તે અન્ન જુનુ થાય તો તે જુનુ કોઇકને દઇને નવું લેવું ॥ અને એવી રીતે જે જુનાનું નવું કરીયે તે વેચ્યું ન કેહેવાય. ॥ ૧૨૬ ॥

અને ભાદરવા સુદી ચતુર્થીને દીવસે ગણુપતીની પૂજા કરવી ॥ તથા આશો વદી ચતુર્દશીને દીવસે હનુમાનની પૂજા કરવી. ૧૨૭

અને અમારે આશ્રીત જે સર્વે સતસંગી તેમના ધર્મની રક્ષા કરવાને અર્થે એ સર્વેના ગુરૂપણાને વિષે અમે સ્થાપન કર્યા એવા જે તે અયોધ્યાપ્રસાદ ને રઘુવીર તેમણે મુમુક્ષુ જનને દીક્ષા આપવી. ॥ ૧૨૮ ॥

અને પોતાના આશ્રીત જે સર્વે સતસંગી તેમણે અધીકાર પ્રમાણે પોત પોતાના ધર્મને વિષે રાખવા ॥ અને સાધુને આદરથકી માનવા ॥ તથા સત શાસ્ત્રનો અભ્યાસ જે તે આદરથકી કરવો. ॥ ૧૨૯ ॥

અને મોટાં જે મંદીર તેમને વિષે અમે સ્થા

પન કર્યાં એવા જે શ્રી લક્ષ્મિનારાયણ આદીક શ્રી ક્રસ્ણના સ્વરૂપ તેમની જે સેવા તે યથા-વીધીયે કરીને કરવી. ॥ ૧૩૦ ॥

અને ભગવાનના મંદીર પ્રત્યે આવ્યો જે હરકોઇ અન્નાર્થી મનુસ્ય તેની પોતાના સા-મર્થ પ્રમાણે અન્નને દાને કરીને આદરથકી સંભાવના કરવી. ॥ ૧૩૧ ॥

અને વીદ્યાર્થી ભણાવ્યાની શાળા કરાવીને પછી તેમાં એક વિદ્વાન બ્રાહ્મણને રાખીને પૃથ્વીને વિષે સદવીદ્યાની પ્રવંતી કરાવવી ॥ કેમજે વીદ્યાદાને કરીને મોટું પુન્ય થાય છે ॥ ૧૩૨ ॥

અને હવે એ અયોધ્યાપ્રસાદને રઘુવીર એ બેની જે પત્નીયું તેમણે પોતપેતાના પતીની આજ્ઞાએ કરીને સ્ત્રીયુંનેજ શ્રીકૃષ્ણના મં-ત્રનો ઉપદેશ કરવો પણ પુરૂષને ન કરવો. ॥ ૧૩૩ ॥

અને વળી તે બે જણાની જે પત્નીયું તેમણે પોતાના સમીપ સંબંધ વિનાના જે પુરૂષ તેમનો સ્પર્શ ક્યારેય ન કરવો ॥ ને તેમની સાથે બોલવું નહીં ॥ ને તેમને પોતાનું મુખ પણ ન દેખાડવું ॥ એવીરીતે ધર્મવંશી આચાર્ય ને તેમની પત્નીયું તેમના જે વિશેપ ધર્મ તે કહ્યા ॥ ૧૩૪ ॥

હવે ગૃહસ્થાશ્રમીના જે વિશેપ ધર્મ છે તે કહીયે છૈયે ॥ અમારે આશ્રીત જે ગ્રસ્હથાશ્રમી પુરૂપ તેમણે પોતાના સમીપ સંબંધ વીનાની જે વીધવા સ્ત્રીયું તેમનો સ્પર્શ ન કરવો ॥ ૧૩૫ ॥

અને તે ગૃહસ્થાશ્રમી પુરૂપ તેમણે જવાન અવસ્થાયે જુક્ત એવી જે પોતાની મા, બેનને દીકરી તે સંગાથે પણ આપત્કાળ વીના એકાંત સ્થળને વિષે ન રહેવું ॥ અને પોતાની સ્ત્રીનું દાન કોઇને ન કરવું ॥ ૧૩૬ ॥

અને જે સ્ત્રીને કોઇ પ્રકારના વ્યવહારે કરી-
ને રાજાનોપ્રસંગ હોય તેવી સ્ત્રીનો પ્રસંગ
તે કોઇ પ્રકારે પણ નજ કરવો ॥ ૧૩૭ ॥
અને ગૃહસ્થાશ્રમી તેમજ પોતાને ઘેર આ-
વ્યો એવો જે અતીથી તેને પોતાના સામર્થ
પ્રમાણે અન્નાદીકે કરીને પુજવો ॥ અને વ-
ળી હોમાદીક જે દેવકર્મ ને શ્રાદ્ધાદીકજે પી-
તૃકર્મ તે જે તે પોતાના સામર્થ પ્રમાણે જ-
થાવીધી જેમ ઘટે તેમ કરવું ॥ ૧૩૮ ॥
અને અમારા આશ્રીત જે ગૃહસ્થ તેમણે
માતા, પીતાને ગુરૂ તથા રોગાતુર એવો જે-
કોઇ મનુષ્ય તેમની જે સેવા તે જીવત પર-
જંત પોતાના સામર્થ પ્રમાણે કરવી ॥ ૧૩૯ ॥
અને વળી પોતાના વર્ણાશ્રમને ઘટીત એવો
જે ઉદ્યમ તે પોતના સામર્થ પ્રમાણે કરવો
॥ અને કૃશીવૃતીવાળા જે ગ્રહસ્થ સતસંગી
તેમણે બળદીયાના વૃશણનો ઉછેદ ન કરવો

॥ ૧૪૦ ॥

અને તે ગૃહસ્થ સતસંગી તેમણે પોતાના સામર્થ પ્રમાણે ;સમયને અનુસરીને જેટલો પોતાના ઘરમાં વરો હોય તેટલા અન્ન દ્રવ્યનો સંગ્રહ જે તે કરવો ॥ અને જેના ઘરમાં પશુ હોય એવા જે ગૃહસ્થ તેમણે પોતાના સામર્થ પ્રમાણે ચ્યાર પુળાનો સંગ્રહ કરવો.

॥ ૧૪૧ ॥

અને ગાય બળદ, ભેંસ, ઘોડા આદીક જે પશુ તેમની તૃણ જળાદીકે કરીને પોતાવને જો સંભાવના થાય તો તે પશુ ને રાખવા ને જો સંભાવના ન થાય તો ન રાખવાં ॥ ૧૪૨ ॥

અને સાક્ષિયે સહીત લખત કર્યા વીના તો પોતાના પુત્ર ને મીત્રાદીક સાથે ;પણ પૃથ્વી ને ધનના લેણ દેણે કરીને વ્યવહાર જે તે કયારેય ન કરવો ॥ ૧૪૩ ॥

અને પોતાનું અથવા બીજાનું જે વીવાહ

સંબંધી કારજ તેને વિષે આપવા યોગ્ય જે ધન તેનું સાક્ષીયે સહીત લખત કર્યા વીના કેવળ બોલીજ ન કરવી ॥ ૧૪૪ ॥

અને પોતાની ઉપજનું જે દ્રવ્ય તેને અનુસારેજ નીરંતર ખરચ કરવો પણ તે ઉપરાંત ન કરવો ॥ અને જે ઉપજ કરતાં વધારે ખરચ કરે છે તેને મોટું દુખ થાય છે એમ સર્વે ગૃહસ્થને મનમાં જાણવુ ॥ ૧૪૫ ॥

અને પોતાના વ્યવહાર કારજને વિષે જેટલા ધનની ઉપજ હોય તથા જેટલો ખરચ હોય તે બેને સંભારીને નીત્ય પ્રત્યે રૂડા અક્ષરે કરીને પોતાને તેનું નામું લખવું ૧૪૬

અને જે ગૃહસ્થાશ્રમી સતસંગી તેમણે પોતાની જે વૃતી ને ઉદ્યમ તે થકી પાંમ્યું જે ધન ધાન્યાદીક તે થકી દશમો ભાગ કાઢીને શ્રી કૃષ્ણ ભગવાનને અર્પણ કરવો ॥ અને જે વ્યવહારે દુર્બળ હોય તેમણે વીશમો ભા-

ગ અર્પણ કરવો ॥ ૧૪૭ ॥

અને એકાદશી આદીક જે વ્રત તેમનું ઉદ્યા. પન તે જે તે પોતાના સામર્થ પ્રમાણે યથા શાસ્ત્રકરવું ॥ તે ઉદ્યાપન કેવું છે તો પોતાના મનવાંછીત ફળનું આપનારૂં છે ॥ ૧૪૮ ॥

અને શ્રાવણ માસને વિષે શ્રી મહાદેવનું પૂજન જે તે બીલ્વ પત્રાદીકે કરીને પ્રીતી પૂર્વક સર્વ પ્રકારે પોતાને કરવું અથવા બીજા પાસે કરાવવું ॥ ૧૪૯ ॥

અને પોતાના જે આચાર્ય તે થકી તથા શ્રી કૃષ્ણ ભગવાનના જે મંદીર તે થકી કરજ ન કાઢવું ॥ અને વળી તે પોતાના આચાર્ય થકી ને શ્રી કૃષ્ણના મંદીરથકી પોતાના વ્યવહારને અર્થે પાત્ર, ઘરેણાં ને વસ્ત્રાદીક જે વસ્તુ તે માગી લાવવાં નહીં ॥ ૧૫૦ ॥

અને શ્રી કૃષ્ણ ભગવાન તથા પોતાના ગુરૂ તથા સાધુ એમના દર્શન કરવાને અર્થે જાતે

સતે મારગને વિષે પારકુ અન્ન ખાવું નહીં તથા શ્રી કૃષ્ણ ભગવાન તથા પોતાના ગુરૂ તથા સાધુ તેમના જે સ્થાનક તેમને વિષે પણુ પારકુ અન્ન ખાવું નહીં ॥ કેમજે તે પારકું અન્ન તો પોતાના પુણ્યને હરી લે એવું છે માટે પોતાની ગાંઠનું ખરચ ખાવું ॥ ૧૫૧ ॥ અને પોતાનું કામકાજ કરવાને તેડયા જે મજુર તેમને જેટલું ધન અથવા ધાન્ય દીધાનું કહ્યું હોય તે પ્રમાણેજ આપવું પણ તેમાંથી ઓછું ન આપવું ॥ અને પોતા પાસે કોઇ કરજ માગતો હોય ને તે કરજ દઇ ચુકયાહોઇયે તે વાતને છાંની ન રાખવી ॥ તથા પોતાનો વંશ તથા કન્યાદાન તે પણ છાનું ન રાખવું અને દુષ્ટ એવા જે જન તેમની સાથે વ્યવહાર ન કરવો ॥ ૧૫૨ ॥

અને જે ઠેકાણે પોતે રેહેતા હોઇયે તે ઠેકાણે કોઇ કઠણ ભૂંડો કાળ અથવા શત્રુ અ-

થવા રાજા તેમના ઉપદ્રવે કરીને સર્વ પ્રકારે પોતાની લાજ જતી હોય કે ધનનો નાશ થતો હોય કે પોતાના પ્રાણનો નાશ થતો હોય ॥ ૧૫૩ ॥

અને તે પોતાનું મૂળ ગરાસનું તથા વતનનું ગામ હોય તો પણ તેનો વીવેકી એવા જે અમારા સત્સંગી ગૃહસ્થ તેમણે તત્કાળ ત્યાગ કરી દેવો ને જ્યાં ઉપદ્રવ ન હોય એવો જે બીજો દેશ ને પ્રત્યે જઇને સુખેથી રેહેવું ॥ ૧૫૪ ॥

અને ધનાઢ્ય એવા જે ગૃહસ્થ સતસંગી તેમણે હીંસાયે રહીત એવા જે વિસ્ણુ સંબંધિ જજ્ઞ તે કરવા ॥ તથા તીર્થને વિષે તથા દ્વાદશી આદીક પર્વને વિષે બ્રાહ્મણ તથા સાધુ તેમને જમાડવા ॥ ૧૫૫ ॥

અને તે ધનાઢ્ય એવા જે ગૃહસ્થ સતસંગી તેમણે ભગવાનનાં મંદીરને વિષે મોટા ઉછ્વ

કરવા ॥ તથા સુપાત્ર એવા જે બ્રાહ્મણ તેમને નાના પ્રકારનાં દાન દેવાં. ॥ ૧૫૬ ॥

અને અમારે આશ્રીત એવા જે સતસંગી રાજા તેમણે ધર્મશાસ્ત્રને આસરીને પોતાના પુત્રની પેઠે પોતાની પ્રજાનું પાલન કરવું અને પૃથ્વીને વિષે ધર્મનું સ્થાપન કરવું ॥ ૧૫૭ ॥

અને તે રાજા તેમણે રાજ્યના જે સાત અંગ તથા ચાર ઉપાય તથા છ ગુણ તે જે તે લક્ષણે કરીને જથાર્થપણે જાણવા ॥ અને તીર્થ જે ચાર મોકલ્યાના સ્થાનક તથા વ્યવહારના જાણનારા જે સભાસદ, તથા દંડવા જોગ્ય જે માણસ, તથા દંડવા જોગ્ય નહીં એવા જે માણસ એસર્વેને લક્ષણે કરીને જથાર્થપણે જાણવા. ॥ ૧૫૮ ॥

હવે સુવાસની બાઇયું ના વિશેષ ધર્મ કહીયે છૈયે ॥ અમારે આશ્રીત જે સુવાસની બાઇયું તેમણે પોતાનો પતી અંધ હોય, રોગી

હોય, દરીદ્રી હોય નપુશક હોય તોપણ તેને ઇશ્વરની પેઠે સેવવો ॥ અને તે પતી પ્રત્યે કટુક વચન ન બોલવું ॥ ૧૫૯ ॥

અને તે સુવાસની સ્ત્રીયું તેમણે રૂપને જોબન તેણે જુક્ત ને ગુણવાન એવો જે અન્ય પુરૂષ તેનો પ્રસંગ સહજ સ્વભાવે પણ નજ કરવો. ॥ ૧૬૦ ॥

અને પતીવ્રતા એવી જે સુવાસની સ્ત્રીયું તેમણે પોતાની નાભી, સાથલ ને છાતી તેને બીજો પુરૂષ દેખે એમ ન વરતવું ॥ અને ઓઢયાના વસ્ત્ર વીના ઉઘાડે સરીરે ન રહેવું ॥ અને ભાંડ ભવાઇ જોવા ન જાવું ॥ અને નીર્લજ એવી જે સ્ત્રીયું તથાસ્વૈરીણી, કાંમની ને પુશ્ચલી એવી જે સ્ત્રીયુ તેમનો સંગન કરવો. ॥ ૧૬૧ ॥

અને તે સુવાસની સ્ત્રીયું. તેમણે પોતાનો પતી પરદેશ ગએ સતે આભુષણ ન ધારવાં

॥ ને રૂડાં વસ્ત્ર ન પેરવાં ॥ ને પારકે ઘેર બેસવા ન જવું ॥ અને હાસ્ય વિનોદાદીકનો ત્યાગ કરવો ॥ ૧૬૨ ॥

હવે વીધવા સ્ત્રીયુંના વિશેષ ધર્મ કહીયે છીએ ॥ અમારે આશ્રીત જે વીધવા સ્ત્રીયું તેમણે તો પતી બુદ્ધીયે કરીને શ્રી કૃષ્ણ ભગવાનને સેવવા અને પોતાના પીતા, પુત્રાદીક જે સબંધી તેમની આજ્ઞાને વીષે વરતવું પણ સ્વતંત્રપણે ન વરતવું. ॥ ૧૬૩ ॥

અને તે વીધવા સ્ત્રીયું તેમણે પોતાના સમીપ સંબંધ વીનાના જે પુરૂષ તેમનો સ્પર્શ ક્યારેય ન કરવો ॥ અને પોતાની જોબન અવસ્થાને વીષે અવસ્ય કારજ વીના સમીપ સંબંધ વીનાના જે જુવાન પુરૂષ તેમની સાથે ક્યારેય પણ બોલવું નહી. ॥ ૧૬૪ ॥

અને ધાવણો જે બાળક તેના સ્પર્શને વીષે તો જેમ પસુંને અડી જવાય ને દોષ નથી

તેમ દોષ નથી ॥ અને કોઇ અવસ્યનું કામ-
કાજ પડે તેને વીષે કોઇક વૃદ્ધ પુરૂષને અડી
જવાય તથા વૃદ્ધ સાથે બોલાય તેને વીષે દોષ
નથી. ॥ ૧૬૫ ॥

અને તે વીધવા સ્ત્રીયું તેમણે પોતાના સમી-
પ સબંધ વીનાના જે પુરૂષ તે થકી કોઇ વી-
ઘા પણ ન ભણવી ॥ અને વ્રત ઉપવાસે કરીને
વારંવાર પોતાના દેહનું દમન કરવું ॥ ૧૬૬ ॥

અને તે વીધવા સ્ત્રીયું તેમણે પોતાના ઘર-
માં પોતાના જીવત પરજંત દેહ નીર્વાહ થા
ય એટલુંજ જો ધન હોય તો તે ધન જે તે
ધર્મ કારજને વીષે પણ ન આપવું અને જો
તેથી અધીક હોય તો આપવું. ॥ ૧૬૭ ॥

અને તે વીધવા સ્ત્રીયું તેમણે એકવાર આ
હાર કરવો ને પૃથ્વીને વીષે સુવું ॥ અને મૈ-
થુનાશકત એવા જે પશુ પક્ષી આદીક જીવ
પ્રાણી માત્ર તેમને ક્યારેય પણ જાણીને જો-

વા નહીં. ॥ ૧૬૮ ॥

અને તે વીધવા સ્ત્રીયું તેમણે સુવાસની સ્ત્રીના જેવો વેશ ન ધારવો ॥ તથા સંન્યાસણી તથા વેરાગણ તેના જેવો વેશ ન ધારવો ॥ અને પોતાના દેશ કુળને આચાર તેને વિરૂદ્ધ એવો જે વેસ તે પણ ક્યારેય ન ધારવો. ॥ ૧૬૯ ॥

અને ગર્ભની પાડનારી જે સ્ત્રી તેનો સંગ ન કરવો અને તેનો સ્પર્શ પણ ન કરવો ॥ અને પુરૂષના રસ શૃંગાર સંબંધી જે વારતા તે ક્યારેય ન કરવી ને ન સાંભળવી. ॥ ૧૭૦ ॥

અને જુવાન અવસ્થાને વિષે રહી એવી જે વીધવા સ્ત્રીયું તેમણે જુવાન અવસ્થાવાળા જે પોતાના સંબંધી પુરૂષ તેમની સંગાથે પણ એકાંત સ્થળને વિષે આપત્કાળ પડયા વીના ન રહેવું. ॥ ૧૭૧ ॥

અને હોળીની રમત ન કરવી અને આભૂ-

પણાદીકનું ધારણ ન કરવૂં ॥ અને સુવર્ણા-
દીક ધાતુના તારે જુક્ત એવાં જે ઝીણાં વસ્ત્ર
તેનું ધારણ પણ ક્યારેય ન કરવૂં. ॥ ૧૭૨॥

અને સુવાસની ને વીધવા એવી જે સ્ત્રીયું
તેમણે વસ્ત્ર પેહેર્યા વીના નાહવું નહીં ॥ અ-
ને પોતાનું જે રજસ્વળાપણું તે કોઇ પ્રકારે
ગુપ્ત ન રાખવૂં. ॥ ૧૭૩ ॥

અને વળી રજસ્વળા એવી જે સુવાસની ને
વીધવા સ્ત્રીયું તે ત્રણ દીવસ સુધી કોઇ મ-
નુષ્યને તથા વસ્ત્રાદીકને અડે નહીં ॥ અને ચો
થે દીવસે નાહીને અડવૂં ॥ એવી રીતે ગ્રહ-
સ્થાશ્રમી એવા જે પુરૂષ ને સ્ત્રીયું તેમના જે
આ વિશેષ ધર્મ કહ્યા તે સર્વે ધર્મવંશી આ-
ચાર્ય ને તેમની પત્નીયું તેમણે પણ પાળવા
કેમ જે એ ગૃહસ્થ છે. ॥ ૧૭૪ ॥

હવે નૈષ્ટીક બ્રહ્મચારીના જે વિશેષ ધર્મ તે
કહીયે છૈયે ॥ અમારે આશ્રીત જે નઇષ્ટીક

બ્રહ્મચારી તેમણે સ્ત્રી માત્રનો સ્પર્શ ન કરવો ॥ અને સ્ત્રીયું સંગાથે બોલવૂં નહીં ને જાણીને તે સ્ત્રીયું સનમુખ જોવૂં નહીં. ॥૧૭૫॥

અને તે સ્ત્રીયુંની વારતા કયારેય ન કરવી ને ન સાંભળવી ॥ અને જે સ્થાનકને વિષે સ્ત્રીયુંનો પગ ફેર હોય તે સ્થાનકને વિસે સ્નાનાદીક ક્રીયા કરવા ન જાવૂં. ॥ ૧૭૬ ॥

અને દેવતાની પ્રતીમા વીના બીજી જે સ્ત્રીની પ્રતીમા ચીત્રની અથવા કાષ્ટાદીકની હોય તેનો સ્પર્શ ન કરવો ॥ અને જાણીને તો તે પ્રતીમાને જોવી પણ નહીં ॥ ૧૭૭ ॥

અને તે નઈષ્ટીક બ્રહ્મચારી તેમણે સ્ત્રીની પ્રતીમાં ન કરવી ને સ્ત્રીએ પોતાના શરીર ઉપર ધારેલું જે વસ્ત્ર તેને અડવૂં નહીં ॥ અને મૈથુનાશકત એવા જે પશુ પક્ષાદીક પ્રાણી માત્ર તેમને જાણીને જોવાં નહીં. ॥ ૧૭૮ ॥

અને સ્ત્રીના વેશને ધરી રહ્યા એવા જે પુ

રૂપ તેને અડવૂં નહીં ને તેની સામું જોવૂં ન-
હીં ॥ ને તે સાથે બોલવૂં નહીં ॥ અને સ્ત્રી-
નો ઉપદેશ કરીને ભગવાનની કથા કીર્તન પ-
ણ ન કરવાં. ॥ ૧૭૯ ॥

અને તે નૈષ્ટીક બ્રહ્મચારી તેમણે પોતાના
બ્રહ્મચર્ય વૃતનો ત્યાગ થાય એવું જે વચન
તે તો પોતાના ગુરૂનુ પણ ન માનવું ॥ને સ-
દાકાળ ધીરજવાન રેહેવું ને સંતોષે જુક્ત રે-
હેવુ ને માન રહીત રેહેવું ॥ ૧૮૦ ॥

અને બળાત્કારે કરીને પોતાને અતીસે સ-
મીપે આવતી એવી જે સ્ત્રી તેને બોલીને અ-
થવા તીરસ્કાર કરીને પણ તુરત વારવી પણ
સમીપે આવવા દેવી નહીં ॥ ૧૮૧ ॥

અને જો ક્યારેક સ્ત્રીયુંનો અથવા પોતાનો
પ્રાણ નાશ થાય એવો જો આપત્કાળ આવી
પડે ત્યારે તો તે સ્ત્રીયુંને અડીને અથવા તે
સાથે બોલીને પણ તે સ્ત્રીયુંની રક્ષા કરવી ને

પોતાની પણ રક્ષા કરવી ॥ ૧૮૨ ॥

અને નૈષ્ટીક બ્રહ્મચારી તેમણે પોતાને શરીરે તૈલમર્દન ન કરવું ને આયુદ્ધ ન ધારવું અને ભયંકર એવો જે વેશ તે ન ધારવો ને રસના ઇંદ્રીને જીતવી. ॥ ૧૮૩ ॥

અને જે બ્રાહ્મણના ઘરને વિષે સ્ત્રી પીરસનારી હોય તેને ઘેર ભીક્ષા કરવા જવું નહીં ॥ અને જ્યાં પુરૂષપીરસનારો હોય ત્યાં જવું ॥ ૧૮૪ ॥

અને નૈષ્ટીક બ્રહ્મચારી તેમણે વેદ શાસ્ત્રનો અભ્યાસ કરવો અને ગુરૂની સેવા કરવી ॥ ને સ્ત્રીયુંની પેઠેજ સ્ત્રૈણ પુરૂષનો સંગ જે તે સર્વકાળે વર્જવો ॥ ૧૮૫ ॥

અને જે જાતીયે કરીને બ્રાહ્મણ હોય તે કોઇને પણ ચર્મવારી ન પીવું ॥ અને ડુંગળીને લસણ આદીક જે અભક્ષ વસ્તુ તે બ્રાહ્મણ જાતી હોય તેમણે કોઇ પ્રકારે ન ખાવું ૧૮૬

અને બ્રાહ્મણ હોય તેમણે સ્નાન, સંધ્યા, ગાયત્રીના જપ, શ્રી વિષ્ણુની પૂજા ને વૈશ્વદેવ એટલા વાના કર્યા વિના ભોજન કરવું નહીં એવી રીત્યે નૈષ્ટીક બ્રહ્મચારીના વિશેષ ધર્મ કહ્યા. ॥ ૧૮૭ ॥

હવે સાધુના વિશેષ ધર્મ તે કહીયે છૈયે ॥ અમારે આશ્રીત જે સર્વે સાધુ તેમણે નૈષ્ટીક બ્રહ્મચારીની પેઠે સ્રીયુંના દર્શણ ભાષણાદીક પ્રસંગનો ત્યાગ કરવો ॥ તથા સ્ત્રૈણ પુરૂષના પ્રસંગાદીકનો ત્યાગ કરવો અને અંતરશત્રૂ જે કામ, ક્રોધ, લોભ ને માન આદીક તેમને જીતવા ॥ ૧૮૮ ॥

અને સર્વે ઇંદ્રીઓ તે જીતવી ને રસના ઇંદ્રીયને તો વિશેષપણે કરીને જીતવી ॥ અને દ્રવ્યનો સંગ્રહ પોતાને કરવો નહીં ને કોઇબીજા પાસે પણ કરાવવો નહીં ॥ ૧૮૯ ॥

અને કોઇની પણ થાપણ ન રાખવી અને

ક્યારેય પણ ધીરજતાનો ત્યાગ ન કરવો ॥ અને પોતાના ઉતારાની જાયગા બંધીની હોય તો તેને વિષે ક્યારેય પણ સ્ત્રીનો પ્રવેસ થવા દેવો નહી. ॥ ૧૯૦ ॥

અને સાધુ તેમણે આપત્કાળ પડયા વિના રાત્રીને વિષે સંગ સોબત વિનાનું ચાલવું નહી. ॥ તથા આપત્કાળ પડયા વિના ક્યારેય પણ એકલા ચાલવું નહીં ॥ ૧૯૧ ॥

અને જે વસ્ત્ર બહુ મૂળવાળું હોય તથા ચિત્ર વિચીત્ર ભાતનું હોય ॥ તથા કસુંબાદીક જે રંગ તેણે કરીને રંગેલું હોય ॥ તથ શાલ દુશાલો હોય ને તે જો બીજાની ઇચ્છાએ કરીને પોતાને પ્રાપ્ત થયું હોય તો પણ તે વસ્ત્ર પોતાને પેરવું ઓઢવું નહીં ॥ ૧૯૨ ॥

અને ભીક્ષા તથા સભા પ્રસંગ એ બે કારજ વિના ગ્રહસ્થના ઘર પ્રત્યે જાવું નહીં ॥ અને ભગવાનની નવ પ્રકારની ભક્તી તે વિના

વ્યર્થકાળ નીર્ગમવો નહીં ॥ નિરંતર ભક્તી કરીનેજ કાળ નીર્ગમવો ॥ ૧૯૩ ॥

અને જે ગૃહસ્થના ઘરને વિષે રાંધેલ અન્ન ને પીરસનારો પુરૂષજ હોય તથા સ્ત્રીયુંના દર્શનાદીક પ્રસંગ કોઇ રીતે થાય એમ ન હોય ॥ ૧૯૪ ॥

એવી રીતનું જે ગૃહસ્થનું ઘર તે પ્રત્યે અમારા સાધુ તેમણે જમવા જવું અને એ કહ્યું તેવું ન હોય તો કાચું અન્ન માગીને પોતાને હાથે રસોઇ કરીને ભગવાનને નૈવેદ્ય ધરીને જમવું ॥ ૧૯૫ ॥

અને પુર્વે રૂષભદેવ ભગવાનના પુત્ર જે ભરતજી તે જે તે પૃથ્વીને વિષે જડ બ્રાહ્મણ થકા જેમ વીચારતા હવા તેમજ પરમહંસ એવા જે અમારા સાધુ તેમણે વર્તવું ॥૧૯૬॥

અને નૈષ્ટીક બ્રહ્મચારી ને એ સાધુ તેમણે તાંબુલ તથા અફીણ તથા તમાકુ ઇત્યાદીક-

નું જે ભક્ષણુ તે જતને કરીને વર્જવું. ૧૯૭

અને તેનૈષ્ટીક બ્રહ્મચારી ને સાધુ તેમણે ગર્ભાધાન આદીક જે સંસ્કાર તેમને વિષે જમવું નહીં ॥ તથા એકાદશાહ પરજંત જે પ્રેતશ્રાદ્ધ તેમને વીષે જમવું નહીં ॥ તથા દ્વાદશાહ શ્રાદ્ધ તેમને વિષે જમવું નહીં॥૧૯૮॥

અને રોગાદીક આપત્કાળ પડ્યા વિના દીવસે સુવું નહીં ॥ અને ગ્રામ્ય વાર્તા કરવી નહી ને જાણીને સાંભળવી નહીં ॥ ૧૯૯ ॥

અને તે નૈષ્ટીક બ્રહ્મચારી ને સાધુ તેમણે રોગાદીક આપત્કાળ પડ્યા વિના ખાટલા ઉપર સુવું નહીં ॥ અને સાધુની આગળ તો નીરંતર નીષ્કપટપણે વરતવું ॥ ૨૦૦ ॥

અને તે સાધુને બ્રહ્મચારી તેમણે કોઇક કુમતીવાળો દુષ્ટજન હોય તે પોતાને ગાળ દે અથવા મારે તો તે સહનજ કરવું પણ તેને સામી ગાળ ન દે ને મારવું નહીં ॥ ને તે-

નું જેમ હીત થાય તેમજ મનમાં ચીંતવન કરવું પણ તેનું ભુંડું થાય એવો તો સંકલ્પ પણ ન કરવો ॥ ૨૦૧ ॥

અને કોઇનું દૂતપણું ન કરવું ॥ તથા ચાડીયાપણું ન કરવું ॥ અને કોઇના ચાર ચક્ષુ ન થવું ॥ અને દેહને વીષે અહંબુદ્ધી ન કરવી ને સ્વજનાદીકને વિષે મમતા ન કરવી ॥ એવી રીતે સાધુના વિશેષ ધર્મ કહ્યા. ॥૨૦૨॥

અને અમારા આશ્રીત એવા જે સતસંગી બાઇ ભાઇ સર્વે તેમના જે સામાન્ય ધર્મ ને વિશેષ ધર્મ તે જે તે સંક્ષેપે કરીને આવી રીતે અમે લખ્યા છે ॥ અને આ ધર્મનો જે વીસ્તાર તે તો અમારા સંપ્રદાયના જે ગ્રંથ તે થકી જાણવો ॥ ૨૦૩ ॥

અને સર્વે જે સતશાસ્ત્ર તેનો જે સાર તેને અમે અમારી બુદ્ધીયે કરીને ઉદ્ધારીને આ શિક્ષાપત્રી લખી છે ॥ તે કેવી છે તો સર્વે મ-

નુષ્ય માત્રને મનવાંછીત ફળની દેનારી છે એ હેતુ માટે અમારા આશ્રીત જે સર્વે સતસંગી તેમણે સાવધાન પણે કરીને નીત્ય પ્રત્યે આ શિક્ષાપત્રીને અનુસરીનેજ વર્તવું ॥ પણ પોતાના મનને જાણે તો ક્યારેય ન વર્તવું ॥ ૨૦૫ ॥

અને જે અમારા આશ્રીત પુરૂષ ને સ્ત્રીઉં તે જે તે આ શિક્ષાપત્રી પ્રમાણે વરતસે તે ધર્મ, અર્થ, કામ ને મોક્ષ એ ચાર પુરૂષાર્થની સાદ્ધીને નિશ્ચે પામશે ॥ ૨૦૬ ॥

અને જે બાઇ ભાઇ આ શિક્ષાપત્રી પ્રમાણે નહીં વર્તે તે તો અમારા સંપ્રદાય થકી બાહાર છે એમ અમારા સંપ્રદાયવાળા સ્ત્રીને પુરૂષ તેમણે જાણવું. ॥ ૨૦૭ ॥

અને અમારા આશ્રીત જે સતસંગી તેમણે આ શિક્ષાપત્રીનો નિત્યે પાઠ કરવો ॥ અને જેને ભણતાં આવડતું ન હોય તેમણે આદ-

રથકી આ શિક્ષાપત્રીનું શ્રવણ કરવું ॥૨૦૮॥

અને આ શીક્ષાપત્રીને વાંચી સંભળાવે એ-વો કોઇ ન હોય ત્યારે તો નીત્ય પ્રત્યે આ શિક્ષાપત્રીનિ પૂજા કરવી ॥ અને આ જે અ-મારી વાણી તે અમારૂં સ્વરૂપ છે એવી રીતે પરમ આદર થકી માનવી ॥ ૨૦૯ ॥

અને આ જે અમારી શિક્ષાપત્રી તે જે તે દૈવી સંપ્રદાયે કરીને જુક્ત જે જન હોય તેને આપવી ॥ અને જે જન આસુરી સંપ્રદાય ક-રીને જુક્ત હોય તેને તો કયારેય ન આપવી ॥ ૨૧૦ ॥

સંવત ૧૮૮૨ અઢાર બાસીના માહા સુદી પંચમીને દીવસે આ શીક્ષાપત્રી અમે લખી છે તે પરમ કલ્યાણકારી છે ॥ ૨૧૧ ॥

અને પોતાના આશ્રીત જે ભક્તજન તેમની જે સમગ્ર પીડા તેના નાશના કરનારા એવા ॥ ને ધર્મે સહીત જે ભક્તી તેની રક્ષાના કર

નારા એવા ॥ ને પોતાના ભક્તજનને મનવાં છીત સુખના આપનારા એવા જે શ્રી કૃષ્ણ ભગવાન તે જે તે અમારા સમગ્ર મંગળને વિસ્તારો ॥ ૨૧૨ ॥

ઇતી શ્રી સહજાનંદ સ્વામી શીષ્ય નીત્યાનંદ મુની લીખાતા શિક્ષાપત્રી ટીકા સમાપ્ત ॥

શ્રી સ્વામીનારાયણ સત્ય છે.

મંગળ મૂર્તિ માહાપ્રભુ છબિ નૈતમ ઘન-શ્યામ ॥ સુંદર ભક્તિ ધર્મ સુત, નિગમ રટ ત જેહિ નામ ॥ ૧ ॥ એહિ છબિ મેરે અંતરે બસો નિરંતર આય ॥ આળસ તમ અજ્ઞાનતા જેહિ પદચિંત તજાય, ॥ ૨ ॥ કામાદિક શત્રુ કહે, અધર્મ વંસ અપાર ॥ તેહિ બલટાલન પ્રગટ ભએ, કળિમાંહી ધર્મ કુમાર ॥ ૩ ॥

અથ પ્રાર્થનામાળા લિખ્ય તે.

હું જે તે શ્રીસ્વામિનારાયણને નમસ્કાર કરૂં

છું તે કેવા છે તો સર્વ થકી અતિશે પર એવુ જે પોતાનું અક્ષર ધામ તેને વિષે બ્રહ્મરૂપ એવા જે પોતાના ભક્ત જન તેમણે સેવ્યાં છે ચરણ જુગલ તે જેનાં એવા છે અને વળી કેવા છે તો વેદાંત જે ઉપનિષદ્ તથા વ્યાસ સૂત્ર તેણે કરીને બહુ પ્રકારે જાંણુવા જોગ્ય છે સ્વરૂપ જેનું એવા છે અને પ્રભુ કેતાં અતિશે સમર્થ છે અને વળી કેવા છે તો અનેક કોટી એવા જે બ્રહ્માંડ તેની જે ઉત્પત્તિ સ્થિતિ ને પ્રલય તેના કરનારા જે પુરૂષને પ્રકૃતિ તેના નિયંતા છે અનેક કરૂણાના સાગરછે ॥ ૧ ॥

અને ભકિત ધર્મના પુત્રને ઇશ્વરના પણ ઇશ્વર એવા જે તે શ્રીસ્વામિનારાયણ તેને આશર્યાં એવા જે ભકતજન તેમનં તે સ્વામી થકી જે દિવસ દિવસ પ્રત્યે પ્રાર્થના કરવા જોગ્ય છે કેતાં માગવાનું છે તેનું તે હરિ ભક્તને સુખે કરીને જ્ઞાન થાય તેને અર્થે હું જે તે તેને લ

ખું છું ॥ ૨ ॥ હે શ્રીહરે સર્વ નિશ્ચય થકી ઉત્તમ એવો જે તમારા સ્વરૂપનો નિર્વીકલ્પ નિશ્ચય તે મુને આપો ॥ ૩ ॥ હે પ્રભો હે સ્વામિન્ હે સુખના સાગર તમારી મૂર્ત્તિના સંબંધ થકી થયું જે સુખ તે સર્વ સુખથી ઉત્તમ છે તેજ સુખ મુને આપો પણ તે વિના બીજું જે સુખ તે ક્યારેય પણ આપશો નહિ ॥ ૪ ॥ હે હરે એક તમારા આકાર વિના બિજા જે આ લોકને વિષે માયામાંથી ઉત્પન્ન થયા એવા આકાર માત્ર તે અતિ તુચ્છ થઇ જાઓ તથા અતિશે દુઃખ રૂપ થઇ જાઓ ॥ ૫ ॥ હે ભક્તિ ધર્મના પુત્ર એવા હરિ કૃષ્ણ તમારા માહાત્મ જ્ઞાને જુકત એવી જે તમારી એકાંતિક ભક્તિ તે સર્વ થકી ઉત્તમ છે તે ભક્તિ તમે મુને આપો ॥ ૬ ॥ અને કામ લોભ સ્વાદ સ્નેહ માન ને ક્રોધ એ આદીક જે દોષ તે રૂપ જે અધર્મનો સર્ગ તે એ ત-

મારી એકાંતિક ભક્તિને વિષે મોટો અંતરાય રૂપ છે કેતાં મોટા વિઘ્નનો કરનારો છે તે એ ધર્મના સર્ગ થકી તમે મારી રક્ષા કરો ॥ ૭ ॥ અને જ્ઞાન વૈરાગ્ય વિવેક બ્રહ્મચર્ય અહિંસાને શ્રદ્ધાએ આદિક જે રૂડા ગુણ તે રૂપ જે ધર્મનો સર્ગ તે એ તમારી એકાંતિક ભક્તિને વિષે મોહોટો સહાય રૂપ છે કેતાં અતિશે સહાયનો કરનારો છે તે ધર્મના સર્ગને વિષે મુને અતિશે દૃઢ સ્થિતિ દેજ્યો ॥ ૮ ॥ હે-સ્વામિન્ તમને વ્હાલા એવા જે તમારા એકાંતિક ભક્ત તેમનો જે સમાગમ તે મુને નિરંતર દેજો તે સમાગમ કેવો છે તો સર્વ સંત જને માગ્યો છે ॥ ૯ ॥ અને આ લોકને વિષે તમારી ઉપાસનાયે રહિત એવા જે કેવળ બ્રહ્મ જ્ઞાની હોય તથા શક્તિ પંથી હોય તથા નાસ્તિક હોય તથા કુડા પંથી હોય તેનો જે સંગ તે જે પ્રકારે મુને ક્યારેય પણ થાય

નહિ તેવી રીત્યે મારી ઉપર તમે કૃપાકરો ॥ ૧૦ ॥ હેનાથ હે પ્રભો હે સ્વામિન્ મુને જે તમારૂં ભક્તપણું છે તેને વિષે કોઇ દોષ તે કોઇ રીત્યે કયારેય પણ બાકી રેહેવા દેશોમાં કેતાં તમારો ભક્ત એવો જે હું તે મારે વિષે કોઇ દોષ રહી જાય નહિ એવી કૃપા કરજો ॥ ૧૧ ॥ હે સ્વામિન્ તમેને તમારા જે ભક્ત તેનો જેદ્રોહ તે કયારે પણ થાય નહિ એ હું તમ પાસે માગુ છું તે આપો ॥ ૧૨ ॥ અને તમારા ચરણ કમલની સેવાની જે ઇછા તે વિના બિજા કોઇ પદાર્થની વાસના બાકી રહી જાય નહિ એવી રીત્યે મારી ઉપર તમે કૃપા કરો ॥ કેતાં એક તમારા ચરણ કમળની સેવાનીજ ઇછા રહે પણ બીજા કોઇ પદાર્થની વાસના ન રહે એવી કૃપા કરો ॥ ૧૩ ॥ અને સ્થુલ સૂક્ષ્મને કારણ એ જે મારા ત્રણ્ય દેહ તેને વિષે અહંબુદ્ધિ થાશોમાં કેતાં એ દેહ હું

હું એમ મનાશોમાં ॥ અને તે દેહ સંબંધિ
પદાર્થ માત્ર તથા દેહના સંબંધિ જન તેમને
વિષે મમતા થાશોમાં કેતાં એ મારા છે એમ
મનાસોમાં ॥ અને તે અહં બુદ્ધિને મમતા
તે તમારા એકાંતિક ભક્ત એવા જે સાધુ તે
મને વિષે સર્વ પ્રકારે થાજ્યો ॥ ૧૪ ॥ હે
પ્રભો બ્રહ્મરૂપ કેતાં બ્રહ્મ સાથે એકત્વ ભાવને
પામ્યો એવો મારો જીવાત્મા તેણે કરીને
કેતા તે બ્રહ્મરૂપ થૈને પર બ્રહ્મ એવા જે તમે
તે તમારે વિષે મારે સર્વ થકી અધિક એવો
સ્નેહ થાજ્યો તે તમે કેવા છો તો સદા પો-
તાના અક્ષર ધામ ને વિષે વિરાજમાનછોને
ધર્મ દેવના પુત્ર છો ॥ ૧૫ ॥ અને તમારા
દાસનો દાસ એવો જે હું તે મુને તમારા
સમીપને વિષે રાખીને નિરંતર તમારૂં દ-
ર્શન દ્યો તે તમારૂં દર્શન કેવું છે તો તમારા
જે એકાંતિક ભક્ત તેમણે નિરંતર અતિશે

પ્રિયપણે કરીને ઇછયું તે દર્શન મુને આપો ॥ ૧૬ ॥ હે ભક્તિ ધર્મના પુત્ર હે ભક્ત વત્સલ હે હરે તમારી સ્તુતિ કરીને ને તમને નમસ્કાર કરીને તમારી પાસે મે માગ્યા એવા જે આ સર્વે ગુણ તે મુને દયા કરીને આપો ॥ ૧૭ ॥ અને શ્રી ભક્તિ ધર્મના પુત્ર એવા જે શ્રી હરી તેના જે ભક્ત તેમને દિવસ દિવસ પ્રત્યે શ્રી હરિની પૂજા કરીને તેમની પાસે આજે કર્યું તેજ માગવું પણ બીજુ માગવું નહિ ॥ અને પ્રમાદ જે અસાવધાનપણું કેતાં કરવાનું ન કરવું ને ન કરવાનું કરવું એવું ગાફલપણું તેનો ત્યાગ કરિને જે પ્રકારે એવા ગુણ પોતામાં આવે તેવી રીત્યે વરતવાનું જતન અતિસે આદરે કરીને કરવું પણ કેવલ એમ માગીને આલસુ થૈને બેસિ રહેવું નહિ ॥ અને એવા ગુણ પોતામાં જેવી રીત્યે આવે તેવા સાધનમાં સાવધાન થૈને વરતવું ॥૧૮॥

ઇતિ એવી રીત્યે શુકાનંદ મુનિયે રચી જે આ શ્રીહરિની પ્રાર્થના માલા તે સંપૂર્ણ થઇ ॥ ૭

અથ શ્રી યોગાનંદ મુનિવિર ચિત શ્રી સહજાનંદ સ્વામિ પ્રાર્થનાષ્ટપદી લિખ્યતે ॥ જલધર સુંદર મદન મનોહર હૃદય તમો હર કૃષ્ણહરે ॥ નૃપકુલ ભૂષણ દલિત વિદૂષણ દિવ્ય વિભુષણ દિવ્યગતે ॥ જય જય જય કર દીન દયા કર જગતિ દિવાકર દિવ્યપતે ॥ ૧ ॥ નિજ જન રંજન ભવ ભયભંજન ભુવન નિરંજન ભક્ત રતે ॥ મુનિ જન મંડન વિષય વિખંડન ખલજન દંડન દંડવિધે ॥ જય જય ॥ ૨ ॥ અસુર નિકંદન સુર નૃપનંદન ચર્ચીત ચંદન મુક્ત મુને ॥ ભવજલ તારણ દોષ નિવારણ મંગલ કારણ મુક્તિ પતે ॥ જય જય ॥ ૩ ॥ સરસિજ લોચન જનિ મૃતિમોચનરવિ શશિ રોચન રાજિગતે ॥ અસુરવિમોહન સુર સુખ દોહન વારણ રોહણ શીઘ્રગતે ॥

જય જય ॥ ૪ ॥ નિજ હિત શાસન શાપનિ વાસન હય ગરૂડાસન સાદિ હૃતે ॥ દુર્ગ પુરા સન ભક્ત નિવાસન ભૂજિત કુવાસન ભક્તરતે જય જય ॥ ૫ ॥ રચિત નિજાવન ભક્તિ વિભાવન પંક્તિ સુપાવન પુણ્ય પતે ॥ શંકુરૂ શંકર વૈરિ ભયંકર ધર્મ ધુરંધર યોગિગ તે ॥ જય જય ॥ ૬ ॥ ખંડિત ચંડ પંડિત મંડ જિત પાખંડ દંડભટમ્ ॥ કંપિત કાલં નૃપ કુલપાલં વર વનમાલ પીત પટમ્ ॥ જય જય ॥ ૭ ॥ શ્રિત સુખ કંદંબોધિત મંદં સહજાન નંદં ત્વાહં ભજે ॥ કુરૂતવ દાસ ચરણ નિવા સંત્યક્ત કુવા સંયોગ મુનિમ્ ॥ જય જય૦ ॥ ૮ ॥ ઈતિ શ્રીયોગાનંદ મુનિ વિરચિત શ્રી સહજાનંદ સ્વામિ પ્રાર્થનાષ્ટપદી સમાપ્ત ॥ ૭

સંવત ૧૮૭૬ના માગસર સુદી ૬ છઠને દીવસ શ્રીજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદા ખાચરના દરબારમાં રાત્રીને સમે વીરાજમા-

ન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવીંદની આગળ મુની તથા દેશ દેશના હરીભક્તની સભા ભરાઇને બેઠી હતી. પછી શ્રીજી મહારાજ બોલ્યા જે જેને ભગવાનની મુર્તિ અંતરમાં અખંડ દેખાતી હોય તેણે પણ ભગવાને જે જે અવતારે કરીને જેજે સ્થાનકને વિશે જેજે લીલા કરી હોય તે સંભારી રાખવી. ને બ્રહ્મચારી તથા સાધુ તથા સતસંગી તેની સાથે હેત રાખવું ને એ સરવેને સંભારી રાખવા. તે સા સારૂ જે કદાપી દેહ મુક્યા સમે ભગવાનની મુરતીને ભુલી જવાય તોપણ ભગવાને જે જે સ્થાનકને વિશે લીલા કરી હોય તે જો સાંભરી આવે અથવા સતસંગી સાંભરી આવે અથવા બ્રહ્મચારી ને સાધુ સાંભરી આવે તો તેને જોગે કરીને ભગવાનની મુરતી પણ સાંભરી આવે ને તે જીવ મોટી પદવીને

પામે ને તેનું ઘણું રૂડું થાય. માટે અમે મોટા મોટા વિશ્નુયાગ કરીએ છીએ. તથા જન્માષ્ટમી ને એકાદશી આદીક વ્રતના વરસો વરસ ઉછવ કરીએ છીએ, ને તેમાં બ્રહ્મચારી, સાધુ ને સત્સંગીને ભેળા કરીએ છીએ. અને જો કોઇ પાપી જીવ હોય ને તેને પણ જો એમની અંતકાળે સ્મૃતિ થઇ આવે, તો તેને ભગવાનના ધામની પ્રાપ્તી થાય. ઇતી વચનામૃતં.

સંવત ૧૮૬૭ના માગસર સુદી ૮ અષ્ટમીને દીવસ શ્રીજી મહારાજ શ્રી ગઢડા મધે દાદા ખાચરના દરબારમાં વિરાજમાન હતા અને સરવે શ્વેત વસ્ત્ર ધારણ કર્યા હતાં અને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશ દેશના હરી ભક્તની સભા ભરાઇને બેઠી હતી, પછે શ્રીજી મહારાજ બોલ્યા જે રાધીકાજીએ સહીત એવા જે શ્રી કૃષ્ણ ભ-

ગવાન તેનું ધ્યાન કરવું. અને તે ધ્યાન કરતે થકે મુર્ત્તિ હ્રદયને વિશે ન દેખાય તોયેપણ ધ્યાન કરવું, પણ કાયર થઇને તે ધ્યાનને મુકી દેવું નહીં, એવી રીતના જે આગ્રહવાળા છે તેની ઉપર ભગવાનની મોટી કૃપા થાય છે ને તેની ભક્તીએ કરીને ભગવાન એને વશ થઇ જાય છે. ઇતી વચનામૃતં.

સંવત ૧૮૭૨ના માગસર સુદી ૧૧ એકાદશીને દીવસ શ્રીજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદા ખાચરના દરબારમાં વીરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખાર્વિંદની આગળ સાધુ તથા દેશ દેશના હરીભક્તની સભા ભરાઇને બેઠી હતી. પછી શ્રીજી મહારાજ બોલ્યા જે ઈંદ્રીઓની જે ક્રીયા છે તેને જો શ્રી કૃષ્ણ ભગવાન ને તેના ભક્તની સેવાને વિશે રાખે તો અંતઃકરણ શુદ્ધ થાય છે. ને અનંતકાળ-

ના જે પાપ જીવને વળગ્યાં છે તેનો નાશ થઇ જાય છે. અને જો ઈંદ્રીઓની વૃતીઓને સ્ત્રીયાદીકના વિષયમાં પ્રવર્ત્તાવે છે તો એનું અંતઃકરણ ભ્રષ્ટ થાય છે. અને કલ્યાણના માર્ગથી પડી જવાય છે. માટે શાસ્ત્રમાં જે રીતે વિશય ભોગવ્યાનું કહ્યું છે તેવી રીતે નિયમમાં રહીને વિશય ભોગવવા, પણ શાસ્ત્રની મર્યાદાને ઉલંઘન કરીને ભોગવવા નહીં. અને સાધુનો સંગ રાખવો ને કુસંગનો ત્યાગ કરવો. અને જ્યારે એ કુસંગનો ત્યાગ કરી ને સત્સંગ કરે છે ત્યારે એને દેહને વિશે અહંબુદ્ધિ છે તે નિવૃતી પામે છે. અને દેહના સંબંધીને વિશે જે મમત્વ બુદ્ધિ છે તે નીવૃત્તી પામે છે ને ભગવાનને વિશે અસાધારણ પ્રીતી થાય છે. ને તે ભગવાન વિના અન્યને વિશે વૈરાગ્ય થાય છે. ઇતી વચનામૃતં.

સંવત ૧૮૭૬ના માગસર સુદી ૧૨. દ્વાદ-

શાને દીવસ શ્રીજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદા ખાચરના દરબારમાં વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. ને પોતાના મુખારવીંદની આગળ મુની તથા દેશ દેશના હરી ભક્તની સભા ભરાઇને બેઠી હતી. પછી શ્રીજી મહારાજ બોલ્યા જે શ્રીકૃષ્ણ ભગવાનનો પ્રત્યક્ષપણે નિશ્ચે કર્યો હોય ને તેની ભક્તી કરતો હોય ને તેના દર્શણ કરતો હોય તોપણ જે પોતાને પૂરણ કામ ન માને ને અંતઃકરણમાં નુન્યતા વરતે જે ગોલોક વૈકુંઠાદીક ધામને વિશે જે આ ને આ ભગવાનનું તેજોમય રૂપ છે તે મુને જ્યાં સુધી દેખાણું નથી ત્યાં સુધી મારૂં પરીપૂર્ણ કલ્યાણ થયું નથી. એવું જેને અજ્ઞાન હોય તેના મુખથકી ભગવાનની વાત પણ ન સાંભળવી. અને જે પ્રત્યક્ષ ભગવાનને વિશે દ્રઢ નિષ્ઠા રાખે છે ને તેને દર્શને કરીનેજ પોતા-

ને પરીપૂર્ણ માને છે ને બીજું કાંઈ નથી ઇ-
છતો તેને તો ભગવાન પોતેજ બળાત્કારે
પોતાના ધામને વિશે જે પોતાના ઐશ્વર્ય છે
ને પોતાની મૂર્તિ છે તેને દેખાડે છે. માટે
જેને ભગવાનને વિશે અનન્ય નિષ્ટા હોય તે-
ણે પ્રત્યક્ષ ભગવાન વિના બીજું કાંઇ ઇછવું
નહીં. ઇતી વચનામૃતં.

સંવત ૧૮૭૬ના માગસર સુદી ૧૪ ચોદસ-
ને દીવસ શ્રીજી મહારાજ શ્રી ગઢડા મધ્યે
દાદા ખાચરના દરબારમાં વિરાજમાન હતા.
અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યા હતા અને
પોતાના મુખાર્વિંદની આગળ મુની તથા
દેશ દેશના હરીભક્તની સભા ભરાઇને બેઠી
હતી. પછી શ્રીજી મહારાજે એમ વાર્તા કરી
જે એક દ્રવ્યાદીકનો લોભ તથા સ્ત્રીને વિશે
બેઠા ઉઠયાની વાસના તથા રસે કરીને જીવ્હા
ની આશક્તી તથા દેહાભીમાન તથા કુસંગી-

માં હેત રહી જાય તથા સંબંધીમાં હેત હોય, એ છોવાના જેને હોય તેને કોઇ દીવસ જીવતે ને મરીને પણ સુખ તો ક્યારેય થાયજ નહીં. માટે જેને સુખ ઇછવું હોય તેણે એવા સ્વભાવ હોય તેને ટાળવા, ને નિવૃતીપર થાવું ને બરોબરીયાની સોબત ન રાખવી ને દેહાભીમાન રહીત ને વૈરાગ્યે જુક્ત ને ભગવાનનું અલ્પ વચન હોય ને તેમાં ફેર પડે તો મહત વચનમાં ફેર પડ્યો હોય તેમ માનતો હોય એવા જે ભગવદ્ભક્ત મોટા સાધુ તે સંગાથે પોતાના જીવને જડી દેવો ને તેના વચનમાં મન ક્રમ વચને વર્તવું ને વિશયના સંબંધથી છેટેજ રેહેવું પણ એનો સંબંધ પોતાના નિયમનો ત્યાગ કરીને થાવા દેવો નહીં. ને જો વિશયનો સંબંધ કરવા માડે તો એનો ઠા રેહેજ નહીં એ સીદ્ધાંત વાર્તા છે. ૬ની વચનામૃતં.

સંવત ૧૮૭૬ના માગસર વદી ૪ ચોથને દીવસ શ્રીજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદા ખાચરના દરબારમાં વીરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યા હતા ને પોતાના મુખારવીંદની આગળ સાધુ તથા દેશ દેશના હરીભક્તની સભા ભરાઇને બેઠી હતી. પછી શ્રીજી મહારાજે વાર્તા કરી જે જે ભગવાનના ભક્તને સત અસતનો વિવેક હોય તે તો જે જે અવગુણ પોતામાં હોય તેને જાણે, ને વિચારીને તેનો ત્યાગ કરી દે, અને સંતમાં અથવા કોઇ સત્સંગીમાં કાંઇક અવગુણ પોતાને ભાસતો હોય તો તેને ત્યાગ કરી દે ને તેના જે ગુણ તેનુજ ગ્રહણ કરે અને પરમેશ્વરને વિશે તો તેને કોઇ અવગુણ ભાસેજ નહીં અને ભગવાન ને સંત તે જે જે વચન કહે તેને પરમ સત્ય કરીને માને પણ તે વચનને વિશે શંશે

કરે નહીં. અને સંત કહે જે તું દેહ, ઇંદ્રી, મન, પ્રાણથી જુદો છે ને એનો જાણનારો છે ને એ દેહાદીક સર્વે અસત્ય છે એમ વચન કહે તેને સત્ય માનીને તે સર્વેથી જુદો આત્મારૂપે વર્તે પણ મનના ઘાટ ભેળો ભળી જાય નહીં, અને જેણે કરીને પોતાને બંધન થાય ને પોતાના એકાંતિક ધર્મમાં ખોટ આવે એવા જે પદાર્થ તથા કુસંગ તેને ઓળખાને તેથી છેટેજ રહે ને તેના બંધનમાં આવે નહીં અને સવળો વિચાર હોય તેને ગ્રહણ કરે ને અવળો વિચાર હોય તેનો ત્યાગ કરે. એવી રીતે જે વર્તતો હોય ત્યારે જાણીયે જે તેને વિવેક છે. ઇતી વચનામૃતં.

સમાસ.

जाहेर खबर.

નીચે જણાવેલાં પુસ્તકો હમારે
તેમજ દરેક મંદિરોમાંથી વેચાત

૦—૧૨—૦ છંદ રત્નાવળી—બાળબો
ધમાં પાકા પુંઠાની.

૦—૧૨—૦ હરિરત્ન સાર સંગ્રહ-ગુજરાતી

૦—૪—૦ નિત્ય નિયમ.

૦—૪—૦ આદીનારાયણની કથા—મહા પુ
સહીત. બાળબોધમાં.

૦—૧—૦ શિક્ષાપત્રીના અર્થ-ગુજરાતી
જેમાં પ્રાર્થનામાળા તથા ૧ ૨
શત સમાવ્યાં છે

મગનલાલ હીરાભાઈ દેશી મિત્રવાળા
દેશી મિત્ર પ્રેસ—સુરત.